આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ


વર્ષ : ૧૬
ડીસેમ્બર–૧૯૯૪
અંક : ૩




## * બુદ્ધિ કે વાક્પટુતાથી ઈશ્વરદર્શન થતું નથી *

આજના મોટાભાગના વિચારકોની આ જ કમી છે. તેમનો વિચારવૈભવ ને બુદ્ધિભંડાર ઘણો સારો છે પણ તેનો ઉપયોગ જ્યારે તે ઈશ્વરદર્શન, સિદ્ધિ, પૂર્ણતા અને એવા એવા રહસ્યમય વિષયોનો વિચાર કરવામાં કરે છે ત્યારે ગોટાળો ઊભો થાય છે ને કેટલીક વાર તેમની બુદ્ધિનું અઘટિત પ્રદર્શન થાય છે. વિચારની સામગ્રી કે બુદ્ધિ ગમે તેવી ચકિત કરનારી, આંજી નાંખનારી કે પ્રબળ હોય છતાં તેથી ઈશ્વર ને આત્મિક જીવનનાં રહસ્યોનો ઉકેલ કરવામાં મદદ નહિ મળી શકે. બુદ્ધિ કે નિર્ણય—શક્તિ ને વાક્પટુતા કાંઇ ઈશ્વરનો પાર પામવાનું પ્રમાણપત્ર નથી. તેમ હોત તો ધ્રુવ ને શબરી તેમાં સફળ ન જ થાત. ઈશ્વર-નો પાર પામવા માટે તો નિષ્કપટ ને સરલ હૃદય, પ્રેમ ને શ્રદ્ધામય નિરંતર પ્રયાસ જોઈએ છે. આને જ ભક્તિનાં જરૂરી અંગ કહેવામાં આવે છે, ને તેવી ભક્તિથી જ ઈશ્વરનું દર્શન થઇ શકે છે એમ ગીતામાં વિશ્વરૂપદર્શન કરી ચૂકેલા અર્જુનને કહેવામાં આવ્યું છે. (અધ્યાય ૧૧, શ્લોક ૫૪). એવી ભક્તિવિના—પ્રેમ, શ્રદ્ધા ને લગનપૂર્વકના નિરંતર પુરુષાર્થ વિના—ગમે તેટલા અહંકારયુક્ત તપથી, નામમાત્રના જપથી, સ્વર્ગાદિના સુખની કામના માટે કરાયેલા દાનથી કે યશસ્વી બનવા કરેલા યજ્ઞથી, બુદ્ધિના વિશાળ સાગરભંડારથી કે વાક્પટુતાથી પણ ઈશ્વરનું દર્શન થઇ શકતું નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫—૦૦
વિદેશમાં રૂા. ૨૦૦—૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી—સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર—૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કબીરસુધા | પરમાર્થી | ૧૨ |
| દુર્ગાભક્ત રામલાલ | અરૂણા ઠાકર | ૧૯ |
| પ્રેમે પરખી લો એને | મા સર્વેશ્વરી | ૨૩ |
| કેમ કરીને? | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૨૪ |
| જમનું તેડું | દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૨૫ |
| સુખ શાંતિના ઉપાય | શંકર મહારાજ | ૨૬ |
| સમાધિની સરળ સાધના | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૩ |
| મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ | ભૂપતરાય ઠાકર (ઉપાસક) | ૩૮ |
| મહાત્મા મસ્તરામજી | ઝિઝુવાડીયા કનૈયાલાલ | ૪૨ |
| સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૬ |
| સત્સંગ મેળો સફળ રહ્યો | તંત્રી | ૬૧ |


## * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના ડીસેમ્બર, ૧૯૯૪ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઈ પી. ભક્ત-નો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઈ ભાઈબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઈબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

—તંત્રી

# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ ડીસેમ્બર–૧૯૯૪ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૦–૪–૮૧, શુક્રવાર, ચૈત્ર સુદ છઠ, ૨૦૩૭, સ્થળ : વડોદરા–૫**

નિત્ય નિયમ મુજબ પૂ. શ્રી ઠંડાપાણીએ સ્નાન કરી નિયમિત વ્યાયામ કરી લે છે. આઠવાગ્યે દૂધ પી લે છે. ત્યારબાદ લેખનકાર્ય શરૂ થાય છે. રામાયણનો કાવ્યાનુવાદ ઘણી મહેનત માગી લે છે. એ કાર્ય પૂ. શ્રી લગભગ બે કલાક કરે છે. સાડા અગિયારે બહાર આવીને બેઠા છે. સોળ જેટલા ભાઈઓ–બહેનો આવીને પ્રણામ કરી બેઠા છે.

શ્રી મગનલાલ ગાંધી : મને ઉંઘ નથી આવતી, પરંતુ તે પૂરો સમય સ્મરણમાં સદુપયોગ થતો નથી, શું કરું ?

પૂ. શ્રી : ઉંઘ ન આવે તો તે પ્રભુની કૃપા. પણ ઉંઘ ન હોય



તો બે કામ થાય—નામસ્મરણ અથવા કામસ્મરણ. બંનેની ગાડી જુદા જુદા પાટે જાય છે.

ત્યારબાદ શિબિરની વાતો થાય છે. સમય થતાં સૌ પ્રણામ કરી પ્રસાદ લઈ છૂટા પડે છે. પૂ. શ્રી ખીચડી શાકનું ભોજન લે છે. આરામ કરતાં પહેલાં પૂ. શ્રી બે–ત્રણ પત્રો લખાવે છે.

પાંચ વાગ્યા સુધી આરામ કરે છે. પાંચથી છ રામાયણની કવિતાનું ભાષાંતર સારા અક્ષરે ઉતારે છે. આજે પ્રશ્નો સામાન્ય હતા જેથી નોંધ ન કરી. પૂ. શ્રીએ આજે શિબિરની વાતો કરી. યજમાનના પિતાએ પૂ. શ્રીની આરતી ઉતારી ફૂલહાર અર્પણ કર્યા. સર્વેશ્વરીની પણ આરતી ઉતારી, ફૂલહાર અર્પણ કર્યા. આરતી સમયે સર્વેશ્વરી વિચારે છે કે હવે જ્યારે પણ આરતી થાય ત્યારે સાંજનું ભોજન બંધ કરી દેવું. ગુરુની આરતી ઉતારે તે બરાબર છે પણ સાથે રહેનાર સર્વેશ્વરીની પણ લોકો આરતી ઉતારે તો એ અંગે પૂ. શ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવું જરૂરી છે. સૌ પ્રણામ કરી પ્રસાદ લઈ વિદાય થાય છે.

સર્વેશ્વરી પૂ. શ્રીનો આરતી અંગે અભિપ્રાય માંગે છે. પૂ. શ્રી કહે : પ્રેમભાવ છે તો આરતી ભલે ઉતારે, તમારે શું ?

સૌની વિદાય બાદ પૂ. શ્રી ભોજન લે છે. ત્યારબાદ થોડી તૈયારી કરી આરામ કરે છે.

**તા. ૧૧–૪–૮૧, શનિવાર, ચૈત્ર સુદ આઠમ, ૨૦૩૭, સ્થળ : વડોદરાથી વિદાય–અમદાવાદ આરામ–તલોદ**

આજથી સાબરકાંઠા જિલ્લામાં તલોદ નામના સ્થળે પૂ. શ્રીનાં પ્રવચનો છે, જેથી વડોદરાથી સવારે પોણા નવે વિદાય થઈએ છીએ. અમદાવાદ આવવા જીતુભાઈ પોતાની ગાડીની સેવા આપે

છે. આજે સાથે શ્રી વિજયભાઈ રાણા અને શ્રીકુંદનબેન રાણા પણ છે. માર્ગમાં થોડી વાતો પણ થાય છે. પાણી પીવા જ્યાં ઉતરવાનું બન્યું ત્યાં પૂ. શ્રીની ઈચ્છાથી તડબૂચ સૌ લે છે. અમદાવાદ બાર વાગ્યે આવી જઈએ છીએ. ત્યાં પણ શિબિરની વાતો થાય છે. ઘરનાં સૌ સ્વાગત કરી લે છે. પૂ. શ્રી ભોજન લે છે. ત્યારબાદ આરામ થાય છે.

સાડા ત્રણ વાગ્યે શ્રી બાબુભાઈ વોરા પૂ. શ્રીને મળવા આવે છે. તલોદ જવા માટે ગાડી અમદાવાદ આવવાની હતી તે નથી આવી. તો શું કરવું એમ શ્રી બાબુભાઈ પૂછે છે.

**પૂ. શ્રી :** ગાડી નહીં આવી હોય તો કાર્યક્રમ બંધ રાખીએ એમાં શું? જેઓ પ્રવચન ગોઠવે છે તેમની સાથે વાત થયા મુજબ ગાડી ન આવે તો આપણે ત્યાં ન જવાનું.

**શ્રી બાબુભાઈ :** વાતોમાં કાંઈક ગેરસમજ થઈ લાગે છે. ગાડી જરૂર આવે જ. તમે સૌ જીતુભાઈની ગાડીમાં જાઓ, અમે બસમાં તલોદ આવીશું.

**પૂ. શ્રી :** ના, તલોદવાળાની ફરજ છે, એમણે ગાડી મોકલવી જોઈએ. ગાડી ન મોકલી તો પછી ભાડે ટેક્ષી કરીને જવું પડે, ભાડાના પૈસા તેઓ આપી દે. એ જવાબદારી તેઓની છે.

શ્રી બાબુભાઈને ભાડે ટેક્ષીની વાત ગમતી ન હતી છતાં શ્રી જીતુભાઈની પણ સંમતિ મળતાં અંતે નક્કી થયું કે ટેક્ષી ભાડે કરવી જ.

પરિણામે છેક પાંચ વાગ્યે અમદાવાદથી તલોદ જવા નીકળ્યાં. ૬:૩૦ કલાકે તલોદ આવી ગયાં. રૂા. ૧૨૧/–ભાડુ ટેક્ષીનું આપ્યું.



સોસાયટીમાં અલગ મકાનમાં ઉતારો હતો. ત્યાં દશ–પંદર મિનિટ રોકાઈને પ્રવચન સ્થળે ગયા. માર્ગમાં જેમણે પ્રવચન ગોઠવવાની સૌને ભલામણ કરેલી તે અમથારામભાઈએ ફૂલહારથી સ્વાગત કર્યું. (શ્રી અમથાભાઈએ વડોદરા નજરબાગનાં પ્રવચનો સાંભળ્યાં હતાં જેથી ત્યાં તેઓએ પૂ. શ્રીને આમંત્રણ આપ્યું હતું. એ આમંત્રણના અનુસંધાનમાં શ્રી બાબુભાઈ વોરાએ તપાસ કરી ને પ્રવચનો ગોઠવવાની યોજનામાં મદદરૂપ થયા.)

પ્રવચનસ્થળ તલોદની પ્રાથમિક શાળાનું મેદાન હતું. બાળકોના ઘોંઘાટ વચ્ચે પ્રવચન પૂરું થયું. શ્રોતાઓ પાછળથી ઠીક ઠીક સંખ્યામાં ભેગા થયા હતા.

પ્રવચન પૂરું થતાં ઉતારા પર આવી ભોજનનો કાર્યક્રમ થાય છે, પણ કાચી ખીચડી હોવાથી ફક્ત શાક ને પપૈયું લીધું. દૂધ પી પૂ. શ્રીએ છેક સાડા દશે આરામ કર્યો. આજે પહેલો દિવસ હતો જેથી પ્રવચનમાં પણ મોડું થયું. અહીં ઉતારા પર પણ થોડી સમજ આપી, જેથી તેમાં પણ થોડી વાર લાગી.

નવા સ્થળમાં નવા નવા ભાઈઓ વચ્ચે પહેલું પ્રવચન તો પૂરું પણ થઈ ગયું!

**તા. ૧૨–૪–૮૧, રવિવાર, ચૈત્ર સુદ નોમ,**
**૨૦૩૭, સ્થળ : તલોદ, જિ. સાબરકાંઠા.**

રાત્રે પૂ. શ્રીની સાથે વાતો કરી રૂા. ૧૨૧/– ટેક્ષીના કોણે આપવા તેનો નિર્ણય લીધો. સારા કામમાં વાપરવા જે જે ભાવિકો રકમ આપે છે તે તે કવરો પૂ. શ્રીની બેગમાં હોય જ છે. તે રકમમાંથી ટેક્ષીનું ભાડું આપવું એ મુજબ સવારે તે રકમ જુદી કાઢવામાં આવે છે.

નિત્યકર્મ મુજબ પૂ. શ્રી વ્યાયામ, ગીતાપાઠ, દૂધ લઇને રામાયણની ચોપાઇનું ગુજરાતી કાવ્યમાં અનુવાદનું કાર્ય ૧૦ વાગ્યા સુધી કરે છે. નવ વાગ્યે ઇલેક્ટ્રીક લાઇટ બંધ થવાથી અસહ્ય ગરમી પૂ. શ્રીને સતાવી રહી છે. (ત્યારે સર્વેશ્વરી પૂ. શ્રીની પાછળ ઉભાં રહી ટુવાલથી પવન નાંખે છે.) ૧૦ વાગ્યા પછી પૂ. શ્રી પોતાના બાકીના જપ કરે છે. ત્યારબાદ શિવમહિમ્નના શ્લોકો (એ પુસ્તિકા ફરી છાપવાની હોઇ) તપાસી લે છે. ત્યાં તો સાડા અગિયાર થઇ પણ ગયા.

શ્રી બાબુભાઇ સાથે શિબિરની થોડી વાતો કરીને પૂ. શ્રી ભોજન લે છે. સાંજે પૂ. શ્રી શીખંડ ને એક પૂરી ભોજનમાં લે છે. માંદગી પછી પૂ. શ્રીને ભોજન ભાવતું જ નથી. ભોજનબાદ પૂ. શ્રી સૌને મુલાકાત આપે છે. આ ઉતારો સોસાયટીના એક મકાનમાં છે જેથી ધાર્યા કરતાં મુલાકાતીઓની સંખ્યા વધારે હતી.

પ્રશ્નો શરૂ થાય છે. પ્રશ્ન પૂછવાની કોઇની હિંમત નથી. શ્રી બાબુભાઇ વોરા સૌને કહે છે. જે પૂછવું હોય તે પૂછી શકો છો. ત્યાં જ એક ભાઇએ પ્રશ્ન પૂછવાની હિંમત કરી.

**પ્રશ્ન :** માળા કરવા બેસીએ તો મન સ્થિર થતું નથી.

**પૂ. શ્રી :** આંખ મીંચીને બેસીએ એટલે મન તો વિષયની માળા અનાદિકાળથી ફેરવ્યા જ કરે છે ને! શરૂઆતમાં ભગવાનનો સુંદર ફોટો રાખો. ખુલ્લી આંખે જપ ચાલુ કરો અને એ રીતે ૧ મહિનો અભ્યાસ કરો તો મનને ટેવ પડશે.

આપણે મેટ્રિકની પરીક્ષા આપ્યા વિના જ સીધા કોલેજમાં બેસવા માંગીએ તેમ આંખ પહેલેથી બંધ રાખીને બેસી જઇએ એટલે વિચારો તો આવ્યા જ કરે ને!



**પૂ. શ્રી :** કેટલું બેસો છો?

**તે ભાઇ :** દરરોજ અડધો કલાક બેસું છું.

**પૂ. શ્રી :** વધારે બેસો. પોણો કલાક પછી ધીરે ધીરે કલાક સુધી બેસો. સવારે એક કલાક ને સાંજે એક કલાક બેસો.

**તે ભાઇ :** શ્રીક્ર્ષ્ણ શરણં મમ।

**પૂ. શ્રી :** ક્ર્ષ્ણ નહીં, એ અશુદ્ધ છે. ક્રીષ્ન પણ અશુદ્ધ છે. શુદ્ધ કૃષ્ણઃ છે. શ્રીકૃષ્ણ શરણં મમ। સૌનું આકર્ષણ કરનારા શ્રીકૃષ્ણ મારું શરણ છે.

મંત્રો સાથે ૐ લગાડો. ૐ પરમાત્માવાચક શબ્દ છે. ૐ એન્જીન લગાડો. જેથી ડબ્બા ગમે ત્યાં ન જાય.

**પ્રશ્ન :** પ્રભુ તો નિરાકાર છે. તો સાકાર દર્શન થાય ખરું?

**પૂ. શ્રી :** હા. એ વાત તો હવે વિજ્ઞાન સાબિત કરે છે. નિર્ગુણ હોય તે સાકાર થાય જ. દરિયાને કોઇ આકાર નથી. થતાં આકાર જોઇ શકીએ છીએ. મીઠું એ આકાર થયો. તેને ઉંચકી, માપી, તોલી શકો છો. અતિશય ઠંડી—એમાંથી ફોરાં—તો તે આકાર થયો. અરે ઘઉંનો દાણો જોયો છે ને! ઘઉંના દાણામાંથી ડુંડો—છોડ—તો એ આકાર ઘઉંના દાણામાં હતો જ ને. પુરુષનું વીર્ય પ્રવાહી ટીપું છે. એમાંથી આકાર—સાકાર સૃષ્ટિની રચના થઇ કે નહીં?

ભગવાન ભક્તની ભાવના પ્રમાણે પ્રગટે છે. શાસ્ત્રોમાં અસંખ્ય દાખલાઓ છે. થાંભલામાંથી પણ પ્રગટે. પ્રેમમાં એવી શક્તિ છે. ભક્તનો પ્રેમ એવો હોય જેથી પ્રભુ તેના મનગમતા રૂપે પ્રગટે જ.

મન–કર્મ–વચનથી જે પવિત્ર પુરુષો હતા તેઓએ ભગવાન પ્રગટે એમ કહ્યું. તુકારામે કહ્યું, "મને વિઠ્ઠલ મળ્યા." રામકૃષ્ણદેવે કહ્યું, "મને દર્શન થયાં." તો એ બધા મહાપુરુષોના વચનોમાં વિશ્વાસ રાખીએ. તે મહાપુરુષોને પૈસા તો કમાવા ન હતાં કે જેથી જૂઠું બોલે.

કોઈપણ વાતને ત્રણ પ્રમાણ હોય છે : (૧) શાસ્ત્ર પ્રમાણ : શાસ્ત્રમાં લખ્યું છે તે પ્રમાણભૂત મનાય. (૨) આમ પ્રમાણ : મહાપુરુષોનાં વચનો તે પ્રમાણભૂત મનાય. (૩) અનુભવ પ્રમાણ : અનુભવેલું કહેવાયેલું તે પ્રમાણભૂત મનાય. આ મહાપુરુષોની વાતો ત્રણે રીતે સાચી લાગે છે.

સૌ શાંતિથી પૂ. શ્રીની વાતો સાંભળી રહ્યા છે. ઓરડો નાનો છે. બાળકો વધારે બેઠાં છે. કોઈ પણ જાતની દલીલ વિના સૌના હૃદયમાં પૂ. શ્રીના જવાબો સમજાઈ રહ્યા છે, એવું લાગે છે. ત્યાં તો વીજળીનો કરન્ટ ફરી ચાલુ થયો, જેથી પંખો મૂકવામાં આવે છે.

ઉપરના પ્રશ્નવાળા ભાઈ જ બીજો પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** આત્મતત્ત્વને કઈ રીતે ઓળખાય?

**પૂ. શ્રી :** પહેલાં તો બુદ્ધિથી ઓળખવું પડશે. આપણા શરીરમાં જ કોણ છે? પણ બુદ્ધિથી વિચારીઓ તો તે જડ છે. તો જડકાન સાંભળી શકે ખરા? ના, તો એની પાછળ કોઈ એવી ચેતનશક્તિ છે જેનાથી કાન સાંભળી શકે છે. આંખ છે, પણ આંખ તો જડ છે. તો જે જોવાનું કાર્ય થાય છે તેની પાછળ ચેતનતત્ત્વ હોવું જોઈએ. એ તો બુદ્ધિથી માની શકાય એવી વાત છે. પણ જ્યારે તે ચેતનતત્ત્વ નથી હોતું ત્યારે આંખ, કાન, કેમ



કામ નથી કરતાં. બુદ્ધિથી આટલું વિચાર્યા પછી શરીરમાં આત્મા હોવો જ જોઈએ તેથી જ આ બધાં કાર્યો થવા જોઈએ. તો એ માન્યા પછી દેહમાં જે દેવ છે તેને ઓળખવા શું કરવું?

વિજ્ઞાન કહે છે કે માઈક્રોસ્કોપથી હવામાં જોઈએ તો અસંખ્ય જીવાણુઓ ફરતાં દેખાય છે. જે આપણને સામાન્ય રીતે દેખાતાં નથી. તેમ આત્માને જોવા માટે પણ સૂક્ષ્મદર્શક યંત્ર જોઈશે. તે કયું યંત્ર?–મનની આંખ–સૂક્ષ્મદૃષ્ટિ–દિવ્યદૃષ્ટિ જરૂરી છે. તેને અનુભવવા ધ્યાન સિવાય બીજો કોઈ રસ્તો નથી. હરિઃ ૐ

( ક્રમશઃ )

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.
IS : 10001
ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# કબીર સુધા

પરમાર્થી

મૈં અપરાધી જનમકા નખસિખ ભરા વિકાર;
તુમ દાતા દુઃખ ભંજના મેરી કરો સમ્હાર.

સદ્‌ગુરુ કબીર સાહેબની આ સાખીમાં મારો મનોભાવ સરસ રીતે વ્યક્ત થયો છે. અમારું વિમાન મુંબઇથી સાન્ફ્રાન્સી-સકો પહોંચ્યું ત્યારે મારા મનમાં પ્રાર્થના ચાલતી હતી. મન તો ચિંતિત હતું. ચિંતા 'કસ્ટમ' પાસ કરાવવાની નહોતી. અમારી પાસે ચિંતા કરાવે એવું કાંઇ જ નહોતું. વળી અમેરિકામાં પહેલી વાર આવનારના મનમાં ચિંતા થાય તેવી પણ ચિંતા મને સતાવતી નહોતી. કારણ કે આ તો પાંચમીવારનો મારો પ્રવાસ હતો. મન ચિંતા કરતું હતું મારી પોતાની અંગત મર્યાદાઓના વિચારથી. છેલ્લા ચાર પાંચ વરસોથી જીવન એકદમ નિયમબદ્ધ બની ગયું હતું. થોડી થોડી સાધના કરવામાં પણ આનંદ આવતો હતો. હવે અમેરિકામાં એવી રીતે જીવાશે? નિયમોનું પાલન કેટલું થઇ શકશે? ન થશે તો સમય પણ કેવી રીતે વ્યતીત થશે? અમેરિકાના વૈભવી–વિલાસી જીવનથી પરિચિત તો હતો પણ મારા સ્વભાવની મર્યાદાઓ મને ચિંતા કરાવતી હતી. મારી એવી પરિસ્થિતિમાં સીધી રીતે પ્રત્યક્ષ મદદ કરી શકે એવા પૂ. મા સર્વેશ્વરી અમેરિકામાં હતાં. તેથી થોડી નિરાંત પણ હતી. પરંતુ અમે જઇ રહ્યાં હતાં સાન્ફ્રાન્સીસ્કો અને પૂ. મા તો હતાં ન્યુજર્સી, શ્રી વિનોદભાઇને ત્યાં. બંને સ્થળ વચ્ચેનું અંતર કંઇ નહીં તો યે



ત્રણેક હજાર માઇલનું તો હશે જ. વળી પૂ. મા તો છેલ્લા ત્રણ માસથી મૌની જીવન ગુજારતાં હતાં. કોઇને પણ મુલાકાત આપતાં નહોતાં. તેથી શું થશે? ક્યારે ત્યાં પહોંચાશે? વિગેરે પ્રશ્નોથી મન મુંઝાતું હતું એટલે પ્રાર્થનામાં રત હતું. માની સહાય સદાને માટે મળતી રહે તે માટે હૃદય ઝંખતું હતું. મને મારી જાતનો ડર લાગતો હતો. મારી મર્યાદાઓને કેવી રીતે અતિક્રમી જવી અને મારા સત્ત્વને કેવી રીતે સ્થિર બનાવવા પ્રયત્ન કરવો તેની ચિંતામાં ને ચિંતામાં અમે 'કસ્ટમ' પાસ કરી ઘરના ઉતારા સુધી તો આવી પહોંચ્યાં.

ઉતારે પહોંચ્યા પછી જ્યારે વિનોદભાઇનો ફોન આવ્યો ને પૂ. મા ત્રણ દિવસ પછી તા. ૨૭–૭–૯૩ ને દિને મળશે તેવા સમાચાર જાણ્યા ત્યારે અંતરે હાસ અનુભવી. ટિકિટની વ્યવસ્થા પણ અગાઉથી કરી દેવામાં આવી હતી તે જાણીને ખૂબ આનંદ થયો. અંતર અહોભાવથી સભર બની ગયું. લગભગ ત્રીસ કલાકની એકધારી યાત્રાનો થાક પણ જાણે કે ઉતરી ગયો અને આનંદમાં ને આનંદમાં ક્યારે સવાર થઇ તેની ખબર પણ ના રહી! મારી ખોડંગાતી શ્રેયયાત્રા જરૂર સફળતાપૂર્વક પૂર્ણ થશે તેની ખાત્રી અંતરના અંતરતમમાં થઇ કારણ કે પૂ. માએ જ હવે તો મારી આંગળી પકડી છે. પૂ. મા કેટલાં બધાં દયાળુ ગણાય! તરત જ વ્યાકુળ હૃદયને સધ્યારો આપી દે છે અને રક્ષણની તમામ વ્યવસ્થા પણ ગોઠવી દે છે! તેમનો કરુણાજનક ભક્ત-વત્સલ સ્વભાવની અસાધારણતાનો પરચો વારંવાર મળતો હોવા-થી શ્રદ્ધા ને વિશ્વાસ દૃઢીભૂત થયાં.

તા. ૨૬–૭–૯૩ ની રાતે નવ વાગ્યે પૂ. મા પાસે જવા અમે

વિમાનમાં બેઠાં ને સવારે નવ વાગ્યે શ્રી વિનોદભાઇને ત્યાં પહોંચી ગયાં. સ્નાનાદિ કર્યા પછી પૂ. માએ દર્શન માટે બોલાવ્યાં. હજી પણ પૂ. મા તો મૌન જ હતાં. છતાં દર્શનનો લાભ મળતાં જ દર્શનાતુર હૃદય આનંદથી નાચી ઊઠયું. આખી રાતનો ઉજાગરો ફળ્યો તેથી અધિક મીઠો પણ લાગ્યો. પૂ. માની મુખાકૃતિ પર અપૂર્વ આનંદની આભા ચમકતી હતી. મૌનના મહાસાગરના તળિયેથી પ્રાપ્ત કરેલું દિવ્ય અનુભૂતિની–પ્રસન્નતાનું અણમોલ મોતી તેમની બંને આંખોમાં ઝગારા મારતું હતું. ત્યાં જ બેસી રહેવાનું મન થતું હતું. જમી કરી આરામ કરી પાછા મળવું એમ લખીને જણાવ્યું એટલે અમે સૌ નીચે ઉતરી પડયાં હતાં. તો પણ મારુ મન તો ત્યાં જ રહ્યું હતું ને આનંદથી સંનિધિના સુખમાં અવગાહન કર્યા કરતું હતું.

જમવા બેઠો ત્યારે પણ પૂ. માની અલૌકિક ને અદ્ભુત સ્થિતિ મારી આંખ સામે દેખાયા કીધી. કંઇક તેવી જ દિવ્યદશાનું વર્ણન કબીરવાણીમાં ઘણી જગ્યાએ થયું છે તે યાદ આવ્યું. તરત જ બે–ત્રણ સાખીઓ અંતસ્તલમાં ગુંજવા લાગી :

સુરત ઉડાની ગગનકો ચરન વિલંબી જાય,
સુખ પાયા, સાહેબ મિલા, આનંદ ઉર ન સમાય.

અર્થાત્ ચિત્તવૃત્તિ ઉર્ધ્વમાં જ્યાં આત્મતત્ત્વનાં દર્શન શક્ય બને છે ત્યાં પહોંચી ગઇ તેથી પગની ગતિ અટકી ગઇ. કારણ કે ત્યાં સ્વામી પરમાત્માનું મિલન થયું ને પરમસુખની અનુભૂતિ થઇ, જેનો આનંદ ઉરમાં સમાતો નથી.

માનસરોવર સુગમ જબ હંસી કેસિ કરાય,
મુક્તાફલ મોતી ચુગૈ અબ ઉડી અંત ન જાય.



અર્થાત્ બ્રહ્મસુખરૂપી સરોવરમાં ચિત્તવૃત્તિરૂપી હંસલીને આત્મારૂપી બ્રહ્મ સાથે ક્રીડા કરવાનું સરળ થઇ પડયું. પરમ સુખનું મોતી ચણવાનું છોડીને હવે તે ક્યાંય પણ જવા રાજી નથી.

ચિત્તવૃત્તિ આત્મલીન બને ત્યારે પગ ચાલવાનું છોડી દે છે એટલે કે દુન્યવી ઇચ્છા કે તૃષ્ણાનો પણ જાણે કે અંત આવી જતો હોય છે. જ્યાં સુધી ઇચ્છા કે તૃષ્ણા હોય ત્યાં સુધી જીવને દોડધામ કરવી જ પડે. દોડધામ ન કરે તો ઇચ્છાઓ તૃપ્ત ન થઇ શકે. તેથી પગને આરામ મળે જ નહીં. જ્યારે બધી દુન્યવી ઇચ્છાઓનું શમન થઇ જાય ત્યારે મન ઉપરામ તો થઇ જ જાય પણ સાથે સાથે તનને પણ ક્યાંય જવાનું ગમતું નથી હોતું. પૂ. માની તેવી જ નિરીહ અવસ્થા હતી. બ્રહ્મસુખના માનસરોવરમાં તેમનું મન નિત્ય સ્નાન કરતું રહેતું હોય તો સ્વાભાવિક રીતે તે પરમસુખની મઝા છોડીને પ્રપંચ સંસારના કર્કશ કોલાહલમાં કેવી રીતે આવે? તે કર્કશ નાદ સાંભળવો પણ કેવી રીતે ગમે? જમતાં જમતાં આ રીતે સદ્ગુરુ કબીર સાહેબની સ્વાનુભૂતિજન્ય વાણીમાં મને પૂ. માની દશાનું સ્પષ્ટ દર્શન થયું અને અંતરિયાળમાં અહોભાવનું પૂર ફરી વળ્યું.

જમીને થોડો આરામ કરવા સૂતો ત્યારે પૂજ્ય યોગેશ્વરજી પણ હિમાલયમાં સાધના કરતા ત્યારે મૌન પાળતા તેની સુખદ સ્મૃતિ થઇ. પૂજ્યશ્રી પણ દિવસો સુધી મૌનમાં ગરકાવ થઇ જતા અને દિવ્ય અનુભૂતિઓનો મહા આનંદ માણતા. મૌન તો જાણે કે આધ્યાત્મિક અનુભવોનું અમૃત પીવા માટેનું અનિવાર્ય સાધન છે. પૂજ્યશ્રીની યાદને વાગોળતાં વાગોળતાં પૂ. મા સર્વેશ્વરીની દિનચર્યા તરફ મારું ધ્યાન દોરાયું ત્યારે વીજળી વેગે એક વિચાર ઝબકી ઊઠયો : પૂજ્યશ્રી અને સદ્ગુરુ કબીર સાહેબની

સ્વાનુભૂતિજન્ય વાતોનો પૂ. મા પોતે જીવનમાં અમલ કરીને મૌનની મહાવાણીથી તમામ સાધકગણને ગર્ભિત સંદેશો આપી રહ્યા હોય તેવા ભાવમાં મારું મન સરકી પડયું. વર્ષો પહેલાં, ઘણે ભાગે ઇ. સ. ૧૯૫૨ માં, લખેલું ગીત મને એકાએક યાદ આવ્યું :

મૌનતણી મહાવાણી!
સ્થૂળતા કેરું કવચ ભેદીને
અંતરમાં પડઘાણી
શ્રવણ વિના સુણી તો માણી
અનુપમ આજે લ્હાણી
સ્વર્ગલોકથી ઉતરી જાણે સૂર વિના સરવાણી!
મૌન તણી મહાવાણી!

પૂ. મા સર્વેશ્વરીની છાયામાં વર્ષો પહેલાંની પંક્તિઓએ મારા હૃદયમાં આજે નવો રંગ ભરી દીધો. પૂ. માના મૌનમાં રહેલ મહાવાણીનું ગુપ્ત રહસ્ય કેવી સરસ રીતે સ્મૃતિમાં ઝળકી ઊઠયું! વૈખરીવાણીનો પ્રવાહ મૌનમાં બરફની જેમ ઠરી જાય છે. ચિંતન–મનન–નિદિધ્યાસન દ્વારા તે પીગળીને ધરતીના પેટાળમાં પાણીના પ્રવાહો વહે તેમ વહેવા માંડે ત્યારે તે મધ્યમાનું રૂપ ધારણ કરે છે. પછી તો ધીર ગંભીર પ્રશાંત પટમાંથી જ પશ્યંતીમાં પ્રવેશ થઇ જાય છે. કોઇની પણ પરવા કર્યા વિના તે પ્રવાહ સમુદ્રને મળે છે ત્યારે તે પરાવાણીનું રૂપ ધારણ કરે છે. તે સાંભળવા માટે કાનની જરૂર પડતી નથી. તે તો સ્વતઃ અંતરમાં જ સંભળાય છે. સાંભળનારને તે દ્વારા અનુપમ આનંદની મોજ પ્રાપ્ત થાય છે. તેને સૂર કે લિપિ કશું જ નથી હોતું! તેથી જ તેને સરવાણી કહેવામાં આવતી હશે. એ ગમે તે હશે, પણ મને તો આજે પૂ. માની મૌન સાધનામાં કબીર સાહેબ જેવા સંતોના



અનુભવનું તેજ જોવાનું મળ્યું. તેમના વર્તનમાંથી સાક્ષાત્ શાસ્ત્ર પ્રગટ થતું દીઠું. પ્રભુએ માનવને સ્વકલ્યાણને માટે ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ વિગેરે જોરદાર સાધનો આપ્યાં છે. પરંતુ તે સાધનોની શક્તિ માનવ બિનજરૂરી કાર્યને સાધવા માટે ખર્ચી નાંખે છે. પોતાની કામનાઓની તૃપ્તિ માટે તે રાતદિવસ પ્રભુદત્ત શક્તિને વાપર્યા જ કરે છે. પરિણામે નથી લેતો તે તૃપ્તિનો ઓડકાર કે નથી સાધી શકતો આત્મકલ્યાણ! શ્રીકૃષ્ણે પણ અર્જુનને ચેતવણી આપતાં ત્રીજા અધ્યાયને અંતે કહ્યું જ છે :

ઇન્દ્રિયો બળવાન છે, મન તેથી બળવાન;
મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, આત્મા ઉત્તમ જાણ.
મન બુદ્ધિ ઇન્દ્રિયનો તેથી કાબુ કરી;
જ્ઞાનનાશ કરનાર તે પાપી નાખ હરી.

આ પાપી કોણ છે તો કહ્યું કે અતૃપ્ત કામનાઓનો અગ્નિ. પણ તે હોલવી કેવી રીતે શકાય તો કહ્યું કે મન–બુદ્ધિ–ઇન્દ્રિયો-નો કાબુ કરવામાં આવે તો! તે પણ ક્યારે શક્ય બને તો કબીરસાહેબ કહે છે કે લૂલીને વશમાં કરવામાં આવે તો! સર્વનો સાર પૂ. માની તપશ્ચર્યા જ છે. બધું વશ થાય પછી કેવી અજોડ-શક્તિનો પણ પ્રાદુર્ભાવ થાય છે તે પણ પૂ. માએ જીવીને સાબિત કરી આપ્યું જ છે.

આરામ કરીને ઊઠયો ત્યારે ખાસ્સા ચાર વાગી ગયા હતા. ત્યારે પૂ. માએ ફરીથી દર્શનનો અપૂર્વ લાભ આપ્યો. જમીને આરામ કરતી વખતે વાગોળેલી વાણીએ મારો સંપૂર્ણ કબજો લઇ લીધો હતો. થોડી વાર પછી પૂ. માએ ૧૨૫ પ્રણામ કર્યાં ને પ્રાર્થનાદિ કરીને મૌન છોડયું. મને સાક્ષી બનવાનું સદ્ભાગ્ય પૂ.

માએ બક્ષ્યું તેથી અપાર આનંદ થયો. પરંતુ પૂ. મા તો એક મિનિટ પણ વધુ અમારી સાથે બેઠાં નહિ. પાંચ છ વાક્યો બોલ્યાં ન બોલ્યાં અને ફરીથી પૂ. મા પોતાની ઓરડીમાં ચાલ્યાં ગયાં. જાણે કે મૌનની સાધનામાં પ્રાપ્ત થયેલી દિવ્ય પ્રશાન્તિની પ્રસન્નતાને સ્હેજ પણ ખલેલ પહોંચે તે તેમનાથી સહન થઇ શક્યું નહિ. સંસારથી ઉપરામ પામેલું મન અપૂર્વ અનુભૂતિના આનંદમાં અવગાહન કરતું કરતું પાછું વળે તો પણ સાંસારિક કોલાહલને તે ભાગ્યે જ સહન કરે. ત્રણ માસના સતત મૌન અને એકાંતવાસ પછી પૂ. માનું મન આત્મભાવને છોડીને શરીરભાવમાં આવવા માંગતું ન હોય તેમ ફરીથી કામચલાઉ મૌનના મહાસાગરમાં ડૂબી ગયું !


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧




# દુર્ગાભક્ત રામલાલ

સંકલન : અરૂણા ઠાકર

દેવી દયાવતી અત્યંત ગરીબ હતાં. તેમના પતિનું નામ રામલાલ હતું. રામલાલ કલકત્તામાં એક વેપારીને ત્યાં કામ કરતા હતા. તેઓનું ઘર કાશીપુરમાં હતું. દર પંદરમા દિવસે રામલાલ પોતાની પત્નીની દેખભાળ (ખબર અંતર) અર્થે કાશીપુર આવતા જતા હતા. જરૂરત પડે તો તે વચ્ચે પણ આવ્યા કરતા.

એક વખત માઘપૂર્ણિમાના દિવસે વેપારીને ત્યાં વધુ કામ હોવાથી તે દિવસે રામલાલને જમવાનો પણ સમય મળ્યો નહિં. તે ગંગા કિનારે ચાલ્યા ગયા. ત્યાં તેમનું મન લાગ્યું નહિ. બેચેનીને કારણે તેમને સતત એવું લાગ્યા કરતું કે મારી પત્ની મને યાદ કરી રહી છે.

તે સીધા કાશીપુર આવ્યા. આવીને ત્યાં જોયું તો એમનો પુત્ર (બાળક) તાવની ગરમી અને શીતળાની બિમારીથી પિડાઇ રહ્યો છે, અને તેમની પત્ની પોતાનો બાળક જ્યાં સૂતો છે ત્યાં ખાટલા પાસે બેસી આંસુ સારી રહી છે. પૂછવાથી ખબર પડી કે બાજુના ડોક્ટરે શીતળા ચેપીરોગ હોવાને કારણે પોતાને ત્યાં દવા લેવા આવવાની પણ ના પાડી દીધેલ છે.

પોતાના બાળકને રોગથી તડપતો જોઇને દયાવતી તેને ખોળામાં લઇને રડવા લાગી. રામલાલ દીવાની વાટ સરખી કરવા ગયા પરંતુ દૈવયોગે દીવો સાવ જ ઓલવાઇ ગયો ! ઘરમાં બીજું તેલ પણ ન હતું જેથી કરીને દીવો ફરીથી પ્રગટાવી શકાય. અને

તેલ લાવવા પૈસા પણ પાસે ન હતા. આ જોઇ દયાવતી જોરથી રડવા લાગી. તેથી રામલાલે તેને આશ્વાસન આપતા કહ્યું, "ચિંતા છોડીને તું મા દુર્ગાનું શરણું લઇ તેનું સ્મરણ કર." હું હમણાં તેલની વ્યવસ્થા કરીને આવું છું. એવું કહીને રામલાલ ઘરેથી નીકળી ગયા.

રામલાલે આજુબાજુનાં પડોશીઓને મદદ માટે બૂમ પાડી પણ કોઇએ ઉત્તર આપ્યો નહીં. તેથી રામલાલ પાછા ઘર તરફ વળ્યા, પણ પોતાના વહાલસોયા પુત્રની ચિંતા અને સ્મરણથી બેચેન થઇ પાછા ગંગા કિનારે ચાલ્યા ગયા! ત્યાં તે મા દુર્ગે! મા દુર્ગે! એવું સ્મરણ કરવા લાગ્યા. સ્મરણ કરતાં કરતાં તેમને શરીરનું ભાન પણ રહ્યું નહિ.

પેલી બાજુ ઘરે પોતાના બાળકનો કફને કારણે રુંધાઇ ગયેલા શ્વાસનો અવાજ ન સંભળાળવાથી દયાવતીએ એમ માન્યું કે બાળકનો પ્રાણ ચાલ્યો ગયો છે. તે મૃત્યુ પામ્યો છે. તે બૂમો પાડવા લાગી. 'બચાવો–બચાવો'નો આક્રંદ કરતી તે પણ બેભાન બની ગઇ!

ત્યાં "બાળક મને આપી દો." એવું કોઇક રમણી (સુંદર સ્ત્રી) મીઠી પ્રેમ ભરેલી વાણીમાં કહી રહી હતી. તેવું દયાવતી જ્યારે ભાનમાં આવી ત્યારે સાંભળ્યું. પોતાના લાડકવાયા પુત્રની અસહ્ય માંદગીના પ્રસંગે આ સુંદર સ્ત્રીની સહાનુભૂતિથી દયાવતી ગદ્ગદિત થઇ ગઇ. પેલા બિમાર બાળકને તે સુંદર રમણીએ પોતાનાં ખોળામાં લઇ લીધું.

"તમે, કોણ છો મા?" દયાવતીએ પ્રશ્ન કર્યો. "હું તમારા બધાની મા છું." તે રમણી બોલી. તેણે કહ્યું, "હવે ચિંતા ન



કરો," અને બાળક તરત જ સારુ થઇ જાય છે.

મા! ભૂખ લાગી છે, બાળક બોલવા માંડયો. મા ફળ અને દૂધ પણ સાથે લાવ્યાં હતાં તે આ બાળકને આપ્યું અને પછી તે સુંદર સ્ત્રી મા સ્વરૂપા ચાલવા લાગ્યાં.

મા! ઉભાં રહો; દયાવતીએ આગ્રહ કર્યો. પરંતુ માએ જવાબ વાળ્યો રામલાલ મારા દરવાજા પર બેઠો છે, હું ત્યાં જઇ રહી છું એવું કહી તે જતાં રહ્યાં.

અહીં ગંગા કિનારે રામલાલ મા દુર્ગાના ધ્યાનમાં આખી રાત્રિ બેસી રહ્યા. સવારે ધ્યાનમાંથી એકદમ જાગૃત થયા તો તેમને ઘરની પરિસ્થિતિ યાદ આવી, અને તે દોડતા ઘરે આવ્યા. ઘરે આવી જોયું તો પોતાનો બાળક દયાવતીના ખોળામાં હસી રહ્યો છે. દયાવતીએ પોતાના પતિદેવને રાત્રે પેલી સુંદર સ્ત્રીના આગમનની, બાળકને રોગમુક્ત કરવાની અને ખવડાવવાની તેમ જ પોતાની પરસ્પરની થયેલ વાતચીત પણ કહી સંભળાવી.

રામલાલ તો પત્નીના મુખે 'મા'ની કૃપાની વાત સાંભળી ભાવ અને પ્રેમે ગદગદિત થઇ ગયો. દયાવતીને તેણે કહ્યું, "દેવી! તમે સાચે જ ભાગ્યશાળી છો, મા દુર્ગા તમને દર્શન આપી ગઇ." દયાવતી તો પ્રથમથી જ મા દુર્ગાની થઇ ચૂકી હતી. માતાનાં દર્શનથી તો જાણે તે પવિત્ર બની ગઇ, પાવન થઇ ગઇ. તેની બધી મનોકામના પૂર્ણ થઇ ગઇ.

પેલી બાજુ કલકત્તામાં રામલાલ જે વેપારીને ત્યાં કામ કરતા હતા તે વેપારીએ રાત્રે સ્વપ્ન જોયું. સ્વપ્નમાં પોતાની મા તેને કહી રહી હતી કે, "તારો મોટો ભાઇ રામલાલના રૂપમાં નોકર બની ભૂખથી તડપી રહ્યો છે, અને તને દયા પણ નથી આવતી?"

આ શેઠની માતા નાનપણમાં જ મરી ગઈ હતી. સ્વપ્નમાં તેમણે માની વિકરાળ મૂર્તિ જોઈને તે ભયભીત થઈ ઉઠયો અને જાગી બેઠો થઈ ગયો.

તે જલ્દી જલ્દી ગભરાતો ભાગતો સીધો રામલાલની પાસે આવી તેનાં ચરણોમાં પડી ગયો ને કહેવા લાગ્યો–"ભાઈ! તું મારો ભાઈ છે, મારી સંપત્તિ(મિલ્કત)માં અર્ધો ભાગ તમારો છે, તું આવીને હવે તારી એ મિલકતને સંભાળી લે."

પરંતુ શેઠના આ આગ્રહની રામલાલ પર કોઈ અસર થઈ નહીં. તેણે કહ્યું, "જો તમે તમારી સંપત્તિમાં અર્ધો ભાગ મારો સમજોજ છો તો તે અર્ધોભાગ જેને મારો કહો છો તેને ભગવદ્દભક્તોમાં અને પુણ્યકાર્યોમાં ઉપયોગ કરી દો. વહેંચી દો." આવું કહી બંને પતિપત્ની ગંગા કિનારે ચાલ્યાં ગયાં. દયાવતી અંતસુધી પોતાના પતિની સાથે રહી મા દુર્ગાનું સ્મરણ કરતી રહી.

અહીં સાચા ભક્ત પર મા જગતજનની જગદંબાની કરુણા અને કૃપાની ઝાંખી–પ્રતીતિ થયા વિના રહેતી નથી. જ્યાં સાચા દિલનો પોકાર અને સમર્પણ જણાય ત્યાં તે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સાક્ષાત્ પ્રગટ સ્વરૂપે ભક્ત રક્ષા કાજ પહોંચી જ જાય છે. તેવું આ પ્રસંગ કથા પરથી સહજ સમજાય છે. જરૂર છે માત્ર પ્રેમથી પોકારવાની અને તેના થઈ જવાની.

* * *

સંતો ઈમારતી લાકડા જેવા હોય છે કે જે પોતે પણ તરે અને બીજાને પણ તારે.

— મા સર્વેશ્વરી



## * પ્રેમે પરખી લો એને *

મૂર્તિમાંથી પ્રગટ થઈને, યોગેશ્વરરૂપ ધારે,
હરતાં ફરતાં હરિ બનીને, સંકટ સઘળાં કાપે.
પ્રેમે પરખી લો એને, પૂરણ પરબ્રહ્મ છે એ.

જ્ઞાની ભક્ત બનીને સહુના અંતરને અજવાળે,
માતૃભક્તિના પાઠ શીખવવા, માતની સાથ પધારે,
પ્રેમે પરખી લો એને–પૂરણ પરબ્રહ્મ છે એ.

મા જ્યોતિર્મયી અંકે રમતાં, રત્ન બને છે સાચું,
મસૂરીના એ મુક્ત પુરુષે, મુક્તિદ્વાર ઉઘાડયું. પ્રેમે૦...

દેવપ્રયાગે વાળી પલાંઠી, હિમાલય હરખાયે,
હરિદ્વારે હરિરૂપ ધરીને, જન્મમરણ દુઃખ ટાળે. પ્રેમે૦...

પ્રતિમાથી પ્રત્યક્ષ થવાને, હાડ ગળાવે સાચે,
મંદિર માટે મૌન ધરીને, અલૌકિકરૂપ ધારે. પ્રેમે૦...

સર્વેશ્વરીને ભાગ્ય ધરીને, રૂપ પરખાવ્યું સાચું,
એના ચરણે જીવન ધરતાં, સુખ સાંપડયું સાચું. પ્રેમે૦...

— મા સર્વેશ્વરી

## * કેમ કરીને? *

મારે કેમ કરીને જીવવું?
મારે કેમ કરીને મરવું?
જીવન–મરણનો હું ના સ્વામીઃ
સ્વામી થવા શું કરવું?
મારે કેમ કરીને જીવવું? ...મારે કેમ?...
દૂરિતથી દૂર ભાગું તોયે
પકડે મારો કેડો;
બહુરૂપી એની માયાનો
આદિ–અંત ના છેડોઃ
જાગર્તિ–શમણે ના છેડે,
કવણ સૃષ્ટિમાં સરવું?
મારે કેમ કરીને જીવવું? ...મારે કેમ?...
સત્ય–શ્રેયની સમજણ તોયે
આચરણે ઉપાધિ!
કર્મ–કાંડનાં કવચ ભેદીને
તોડે દૂરિત સમાધિ!
મૃત્યુજયની વાત નિરાળી!
અગમ પંથ અવ પળવું?
મારે કેમ કરીને જીવવું?
મારે કેમ કરીને મરવું?
જીવન–મરણનો હું ના સ્વામીઃ
સ્વામી થવા શું કરવું? ...મારે કેમ?...

— ડો. રણજિત પટેલ (અનામી)



## * જમનું તેડું *

(રાગ : રંગાય જાને રંગમાં)

ઝુકાવને જીવન જંગમાં
રહેજે પ્રભુના સંગમાં
રહેજે પ્રભુના સંગમાં ઝુકાવને૦
બાળપણામાં ખેલ્યો ને કુદીયો,
પણ લીધું, ન તારું નામ,
ઓળખ્યા ન આતમરામ,
શોધી શોધીને, થાક્યો હું તો. (૨)
પણ મળ્યું નહિ, તારું ધામ. ઝુકાવને૦
જુવાનીનાં જોમમાં, જાગ્યો નહિ ને,
ચેનચાળા કરતો તમામ,
પણ ભજ્યા નહિ, રાધેશ્યામ.
દામ કમાવા, દોડયો હું તો. (૨)
ફરતો ગામો ગામ. ઝુકાવને૦
ઘડપણમાં કાયા, ધ્રૂજવાને લાગી,
પડી ગયા દાંત તમામ.
પણ ભજ્યા નહિ સીતારામ,
જમનું તેડું, આવીને બેઠું. (૨)
જાવું પડશે, મૂકી તમામ. ઝુકાવને૦

— દુર્લભજી ભક્ત (સ્યાદલા)

# સુખ શાંતિના ઉપાય (૩)

શંકર મહારાજ

**પ્રશ્ન** : મહારાજ! આપે તો ગુરુ અને પ્રક્રિયાને છટક-બારીઓ કહીને, એક રીતે તો જોઇએ તો તદ્દન ઉતારી પાડયા, જે ન હું તો સમજી શક્યો કે ન મને રુચ્યું.

**મહારાજ** : તેં જે કાંઇ વાંચેલું કે સાંભળેલું હશે, તેના સંદર્ભમાં તું મને, કે મેં જે કહ્યું તેને સમજવા જાય છે. એટલે જ તારા મનમાં ગૂંચવાડો ઉભો થાય છે. મેં કહ્યું તેમ, તને ખરેખર સરખી રીતે સાંભળતા આવડતું હોત તો તેં આમ ન કહ્યું હોત; ગુરુ શબ્દ અને ગુરુના ઉપદેશનો સાચો ગંભીર અર્થ લાંબા વખતથી લુપ્તપ્રાય થયો છે. આજે એ બંને વસ્તુઓ એક પ્રકારની છટકબારી તરીકે જ વપરાય છે. એ શબ્દોને વેપારવણજની વસ્તુ બનાવી દેવાયા છે. કેવળ ભૌતિકલાભ કે રાહતની દૃષ્ટિએ જ એની મૂલવણી થાય છે. દેખીતું છે કે છટકબારી સિવાય એ કાંઇ નથી. હકીકતમાં તો ગુરુની શોધ કે પસંદગી કરવાની હોતી જ નથી. ખરેખર તો ગુરુ જ પોતાના શિષ્યો, કે જે નામ આપો, તેને પસંદ કરે છે અને તેમને જ્ઞાન આપે છે, બલ્કે તેમનું અજ્ઞાન દૂર કરે છે. એવા નસીબદાર શિષ્યો પોતાના ગુરુને જીવનમાં સૌથી વધુ ઊંચું સ્થાન આપે છે, અને તેમને રાજી કરવા ગમે તેટલો ભોગ દેવો પડે તેને તદ્દન ગૌણ કિંમત સમજે છે. એવા શિષ્યો ને ગુરુના જ્ઞાન કે શક્તિ કે ક્ષમતાનો ક્યાસ કાઢવાની પડી હોતી નથી; કારણ કે તેમની ગુરુમાં શ્રદ્ધા સ્વયંભુ, અખૂટ અને અચળ



હોય છે. અને કેટલીક વાર તો તેઓ ગુરુને ભગવાનથી પણ ઊંચા ગણે છે! ગુરુને પોતાના શિષ્યો સાથે કેમ કામ લેવું તેની બરાબર જાણ હોય છે. ગુરુને શિષ્યો પાસેથી કોઇ ખાસ અપેક્ષા હોતી નથી. બધા શિષ્યો માટે સર્વસાધારણ કોઇ પાઠયક્રમ કે શિક્ષાક્રમ હોતો નથી; પણ પ્રત્યેક વ્યક્તિની શક્તિ અને વૃત્તિ જોઇ જાણીને તે દરેકને અલગ અલગ રીતે ગુરુ હાથમાં લે છે. હવે તું જ મને કહે કે આવા ગુરુ અને આવા શિષ્યો તે કેટલા જોયા?

**પ્રશ્ન** : મહારાજ! આપ એમ કહો છો કે ઈશ્વરમાં શ્રદ્ધા અથવા કોઇ એક ઈષ્ટદેવની આરાધના દ્વારા સાક્ષાત્કાર ન થાય?

**મહારાજ** : કમનસીબે ઈશ્વર, શ્રદ્ધા વગેરે શબ્દો તેનો પૂર્ણ અર્થ સમજ્યા વગર વપરાતા હોય છે. વાતાવરણ, કુટુંબપરંપરા, ઉછેર, ભણતર વગેરે વગેરેને લીધે, તમે એક પ્રકારની વિચાર અને વર્તનની રૂઢિમાં જકડાઇ જાઓ છો. એટલે આ શબ્દોના ગંભીર ઊંડાણવાળા અર્થની તમને જાણ સુદ્ધાં થતી નથી, કારણ કે એ શબ્દો તદ્દન હળવી રીતે વપરાતા હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે તમે માની લીધેલા આ શબ્દોના અર્થ સિવાય તેનો કશો અર્થ છે કે કેમ તે તપાસવાનુંય તમને જરૂરી જણાયું નથી. કમનસીબે, તમે કદી તમારા વિચાર અને વર્તનની પ્રક્રિયા કાળજીથી નિહાળી નથી. પરિણામે તમે એક એવી આત્મવંચનામાં જ જીવો છો કે તમે વિચારો છો તે જ બરાબર છે. તેમાં કશા સુધારાની જરૂર નથી. મને કહો જોઇએ કે 'ઈશ્વર' એટલે તમે શું સમજો છો? ઈષ્ટદેવનો અર્થ શો? અને શ્રદ્ધા એટલે શું તે તમે જાણો છો?

તમે ભૂલમાં છો એવું સાબિત કરવામાં હું વખત બગાડવા માગતો નથી. પણ હું જે કહેવા માંગુ છું તે સમજીને તમે તમારી

જાતે તપાસી જોજો. શ્રદ્ધા એ છે કે જે અચળ છે, જેમાં કોઈ અપેક્ષા નથી, સંતોષ પ્રાપ્ત કરવાનો તેમાં કોઈ ખ્યાલ સરખો નથી, અને જે કદી પરિવર્તન પામતી નથી; હવે મને કહો કે તમારો દાવો હોય કે તમને ઈશ્વરમાં શ્રદ્ધા છે, જે ઈશ્વરને સર્વશક્તિમાન અને સર્વવ્યાપી ગણો છો, જે ન્યાય કરવા શક્તિમાન છે, જે સદ્‌ગુણીનું રક્ષણ અને પાપીઓને સજા કરે છે અને જે તમારી બધી આશા આકાંક્ષાઓ સફળ કરે છે એમ ગણતા હો તો પછી બીજા કોઈ ઈષ્ટદેવ કે દેવદેવતામાં શ્રદ્ધા ન હોઈ શકે. સાવ સાદી વાત છે કે જેને સર્વશક્તિમાન પરમાત્મામાં શ્રદ્ધા છે તેણે ભૌતિક કે અન્ય પ્રકારની રાહત મેળવવા અન્ય કોઈની પાસે જવાની જરૂર જ નથી. તમે બીજા પાસે જાઓ એનો અર્થ જ એ થાય કે શ્રદ્ધા એટલે શું તે તમે સમજ્યા નથી. શ્રદ્ધા ગુમાવવાનો પ્રશ્ન નથી, કારણ કે સાચી શ્રદ્ધા ગુમાવી શકાય જ નહિ. ઈશ્વર એટલે શું એ તમે ખરેખર સમજ્યા હો તો પછી તમને પ્રતીત થશે કે તે નારાજ થતા નથી, તેની ખુશામત ન હોય, તેને લાંચની કે ભેટસોગાદની કે અમુક રીતે તેની પૂજા થાય તેની કે અમુક સ્થળે જ તેને મળવાની, તેને જરાય જરૂર નથી. એટલે એ તદ્દન સ્પષ્ટ છે કે તમે આ બધું કરો છો અને એ વિશે વાતો કરો છો તે પૂરતો વિચાર કર્યા વિના અને જરાય સમજણ વિના જ. એટલે મારે તો તમને એટલું જ કહેવાનું કે આ બધી માથાકૂટ છોડી દો. તમારા પોતાના મનમાં મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા કેમ ચાલે છે તેના સૂક્ષ્મ નિરિક્ષક બનો. મને ખાતરી છે કે તમે સત્યને પામશો. તમારા પ્રશ્નોના મેં આપેલા ઉત્તરો પણ તમે જ્યાં છો ત્યાંથી તમને આગળ લઈ જઈ નહિ શકે, બલ્કે કદાચ ગૂંચવાડો પણ ઉભો કરે. કારણ કે મારા ઉત્તરો એ તો માત્ર મારી પાસેથી તમને મળેલી



માહિતી છે, તમારો જાત અનુભવ નથી. જીવનમાં અગત્યની વસ્તુ જેને સાક્ષાત્કાર કહો કે સત્ય કહો તેની પ્રતીતિ તો કેવળ જાતઅનુભવ જ કરાવી શકે.

**પ્રશ્ન** : ગઈકાલે આપે કહ્યું કે આપણાં દુઃખો માટે આપણે જ જવાબદાર છીએ, અને આપણે બરાબર સમજી લઈએ કે આપણી ઉર્મિશીલતા, આપણી વાસનાઓ વગેરેથી આપણે કઈ રીતે જીવનને દુઃખમય બનાવી મૂકીએ છીએ. તે જો ન કરીએ તો આપણને જરૂરી સુખ અને શાંતિ મળી શકે. આપે એમ પણ કહ્યું કે ગુરુ અને સાધનાની પ્રક્રિયાઓ એ કેવળ છટકબારીઓ છે. આપે કહ્યું તેના પર મેં ખૂબ ચિંતન–મનન કર્યું પણ હજુ મને સંતોષ થતો નથી. મને લાગે છે કે સાધનાની પ્રક્રિયા વિના ઉર્મિશીલતા, ભય, ક્રોધ, લોભ વગેરે વાસનાઓ સમજી શકાય નહિ અને ત્યાં સુધી તેમાંથી મુક્ત થવાય નહીં. એટલે શાંતિ અને સુખ પ્રાપ્ત કરવા માટે કંઈક સાધના કે પ્રક્રિયા તો જોઈએ. તે પ્રક્રિયાની રીત બનાવનાર તે ગુરુ !

**મહારાજ** : મેં ગઈકાલે જે કહેલું તેના પર તમે બરાબર વિચાર કર્યો નથી. એમાં તમારો દોષ નથી. જે રીતનો તમારો ઉછેર થયો છે, જે પ્રણાલિકાઓ, વાતાવરણ, કેળવણી, સામાજિક વાતાવરણ વગેરે તમે પામ્યા છો, તેને પરિણામે, કેમ વિચારવું એ તમને આવડતું નથી. ભૂતકાળની સ્મૃતિઓની અને ભવિષ્યની આકાંક્ષાઓની સહાય વિના, તમારા પોતાના કોયડા કેમ ઉકેલવા એ તો વળી એથીય ઓછું આવડે છે. કોઈપણ પ્રશ્ન અંગે તમે, પૂર્વગ્રહો, પક્ષપાત કે ભૂતકાળની સ્મૃતિઓની સહાય લઈ વિચારો ત્યારે તમે પ્રશ્નને પ્રથમ તો સાચી રીતે સમજી જ શકતા નથી, તેથી તમારા ઉકેલ ભૂલભરેલા અને અધૂરા જ નીવડવાના.

કોઈપણ પ્રશ્નનું સ્પષ્ટ દર્શન અને સાચી સમજણ તો ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે તેને સમજવાનો તમારો પ્રયાસ તદ્દન તાજગીભર્યો અને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિનાનો હોય. તમે સાધના કે પ્રક્રિયાની વાત કરો છો ત્યારે તમે એમ માની લઈને આગળ ચાલો છો કે એ પંથ કોઈએ કાપ્યો હશે એટલે વિઘ્નરહિત હશે, અને જે વ્યક્તિ તમને એ પંથ બતાવશે તેણે પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યું જ હશે. તમે એમ પણ માની લો છો કે તેમની સૂચનાઓ અનુસરવાથી તમે પોતે પણ જરૂર ધ્યેય સાધી શકશો. કોઈપણ વ્યક્તિને અનુસરવાથી કોઈ ચોક્કસ ધ્યેય સિદ્ધ થઈ શકે છે એવું વિચારવાનું તમને જીવનભર શીખવાયું છે. આવા ચોક્કસ ધ્યેયનો અને તેને હાંસલ કરવાની પ્રક્રિયાનો આવો ખ્યાલ કેવળ નિરાશા અને વિષાદ જ ઉપજાવે છે; કારણ કે એષણાઓ, વાસનાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, ધનવાન થવાની ઈચ્છા વગેરેનો છેડોજ નથી. વળી એ અંગેના આદર્શો કે ધ્યેયો, જેમ જેમ તેની તરફ આગળ વધો તેમ તેમ બદલાતા જાય છે. સંસાર એમ જ ચાલ્યા કરે છે. તમે બધા અસુખ અને દુઃખની ફરિયાદ કર્યા જ કરો છો. તમારી બધી પ્રવૃત્તિઓ તમને સુખ કે શાંતિની જરાય નજીક લઈ જતી નથી એ અનુભવવા છતાં તમે તેમાંથી કાંઈ બોધપાઠ લેતા નથી. એ જ એક ખરેખરી કરૂણતા છે. તમે કરેલા જીવનના અનુભવો પરથી તમે કોઈ દૃઢ વિચારો બાંધી શક્યા નથી એ જ ખરેખર એક અચંબો છે. હકીકત તો એ છે કે તમે તમારા જીવન તથા કર્મોનું બારીકાઈથી નિરીક્ષણ કરતા થઈ જાઓ તો પછી બીજી કોઈ સાધના કે પ્રક્રિયાની કશી જરૂર જ નથી. હું પૂછું કે કોઈ વસ્તુ ઝેરી છે એ જાણ્યા પછી તે ન લેવાનું તમને કઈ સાધનાએ શીખવ્યું? એ જ રીતે, સાપને નહી અડકવાનું, બળતી



આગમાં ન પડવાનું, તમારા કપડાને દીવાસળી નહી ચાંપવાનું કે દરિયામાં કૂદી ન પડવાનું તમને કઈ સાધનાએ શીખવ્યું? આ બધું શીખવનાર કોઈ ગુરુ હતા? જીવનમાં કેટલીય બાબતો તમે કોઈ ગુરુ કે કોઈ સાધના વગર જ શીખ્યા છો. કોઈપણ ગુરુ કે સાધના વગર જ તમે આજે આ શહેરના માનવંતા નાગરિકો બન્યા છો. કેવળ બારીક નિરીક્ષણ અને વિચાર વિવેકથી તમે એવું માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે, તમે તમારા જીવનને એ રીતે એટલા માટે ઘડયું છે કે તેમ કરવું તમે મહત્ત્વનું ગણ્યું છે. ઉચ્ચ સ્થાન, ધન વગેરે પ્રાપ્ત કરવા તમે કેટલાય વર્ષો ગાળ્યાં છે, કારણ કે તેવી પ્રાપ્તિથી સુખ અને શાંતિ મળશે એમ તમે માન્યું હતું. તમારા અહંકારને સંતોષવા તમે ઘણો સમય અને ધન વેડફ્યાં છે. હવે અમુક અંશે તમારી આંખ ઉઘડી છે, એટલે જ હવે તમે ફરિયાદ કરો છો કે તમે બધું કર્યા છતાં હજુ દુઃખી છો. તમારા આ બધા પ્રયાસો ઉલટી જ દિશામાં હતા, એ ભલા દીવા જેવું ચોખ્ખું નથી? સુખ અને શાંતિ એ માર્ગે નથી એ તમને ક્યારનું પ્રતીત થઈ ગયું હોત, જો તમે કેવળ પ્રામાણિકપણે વિચાર કર્યો હોત. જ્યારે કોઈ ચીજ જ્યાં છે જ નહિ ત્યાં શોધીએ છીએ એમ પ્રતીત થાય કે તરત આપણે આપણી ભૂલ ક્યાં થઈ તે વિચારી, આપણી જાતને સુધારી નથી લેતા? આમ કરવા માટે કોઈ ગુરુ કે કોઈ સાધનાની જરૂર પડતી નથી, પરંતુ આપણો પોતાનો જાત અનુભવ, નિરીક્ષણ, અને પ્રામાણિક વિચાર આપણને સાચી દિશામાં દોરી જાય છે.

તમે બધાએ સુખ અને શાંતિ માટે બહારની વસ્તુઓ પર આધાર રાખી ખૂબ પ્રયાસ કર્યો છે. હવે ખરેખર સમય પાકી ગયો છે કે તમે વિચારો, સમજો, નિરીક્ષણ કરો, અને અંદર શું ચાલી

રહ્યું છે તે પ્રત્યે જાગ્રત થાઓ. જે પળે તમને ખાતરીપૂર્વક પ્રતીતિ થશે કે લોભ, કામનાઓ, મહત્ત્વાકાંક્ષાઓ વગેરે તમારા હિતમાં નથી, બલ્કે તમારા સુખ અને શાંતિમાં અવરોધરૂપ છે, તે જ પળે કશા પણ વિશેષ પ્રયાસ વગર તમે જેમ સાપથી, આગથી કે ઝેરથી દૂર રહો છો તે જ રીતે એ બધી વાસનાઓથી દૂર રહેવા લાગશો. બીજા શબ્દોમાં કહીએ તો, એ વાસનાઓ બધી આપોઆપ ખરી પડશે. અને કેવળ તમારી દૃઢ પ્રતીતિને પરિણામે, કશા ખાસ પ્રયત્ન વિના, તમે એનાથી મુક્ત થશો; મને ખાતરી છે કે આમ થવા માટે તમારે કોઇ ગુરુ કે સાધનાની જરૂર પડવાની નથી. અનુભવ અને તેને આધારે થતી દૃઢ પ્રતીતિ વચ્ચે કોઇ દેશકાળનું અંતર રહેતું નથી. જેવી પ્રતીતિ થઇ કે મુક્તિ થઇ જ છે. એટલે પ્રતીતિ અને અનુભવની વચ્ચે કોઇ સાધનાની જરૂર રહેતી નથી કારણ કે "સાધના" શબ્દમાં જ અમુક સમયખંડનું હોવું અભિપ્રેત છે. એટલે કે સાધના કરવી પડે તો તેને માટે અમુક સમય તો લાગે જ. પ્રત્યેક સાધનામાં અમુક આકાંક્ષા અને તેની સિદ્ધિ ગર્ભિત છે. એટલે જ એમાં નિરાશ કે નાસીપાસ થવાનું બને છે. (ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦



# સમાધિની સરળ સાધના

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

કેટલીક વાર આપણા મનમાં પ્રશ્ન થાય છે કે કેટલાય મનુષ્યો દરરોજ પૂજાપાઠ કરે છે, ભજનકીર્તન કરે છે, કથાવાર્તા સાંભળે છે છતાંય એમનામાં કશો જ ફેરફાર થતો નથી આમ શા માટે? આવી જ રીતે સલાહ આપવાથી પણ સલાહ લેનાર જરાય સુધરતો નથી, સત્સંગ કરવા છતાં, સ્વાધ્યાય કરવા છતાં તે સુધરતો નથી. આમ શા માટે? આ પ્રશ્નોનો વૈજ્ઞાનિક જવાબ એ છે કે આ બધી પ્રવૃત્તિઓ, ક્રિયાઓ મનુષ્ય જ્યારે જાગૃત મનની અવસ્થામાં હોય છે ત્યારે થાય છે. આ જાગૃત મન સુષુમ મનમાં પડેલા દૃઢ સંસ્કારો પ્રમાણે જ જાગૃત મનની અવસ્થામાં કામગીરી બજાવે છે. વ્યસનના દૃઢ સંસ્કારો, અમુક જ પ્રકારના હોય અને તે સુષુમ મનમાં દૃઢતાથી પડેલા હોય તો ગમે તેટલો ઉપદેશ અપાય, ગમે તેવી દવાઓ અપાય, ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તોપણ વ્યસનમાંથી મુક્તિ મળતી નથી તથા સ્વભાવમાં પણ સુધારો થતો નથી.

સુષુમ મનમાં પડેલા ખરાબ સંસ્કારો દૂર કરી સારા સંસ્કારો દૃઢતાથી રોપવામાં આવે તો શયતાન જેવો માનવી પણ સંત જેવો સજ્જન બની શકે છે, સાવ નબળો વિદ્યાર્થી પણ તેજસ્વી વિદ્યાર્થી બની જાય છે, અંગો તથા અવયવોની ખોડખાંપણથી થતા રોગો સિવાયના તમામ રોગો ચોક્કસ મટાડી શકાય છે. માનસિક અસ્વસ્થતા દૂર કરી માનવીને માનસિક રીતે સ્વસ્થ બનાવી શકાય છે.

પણ જાગૃત મનમાંથી સુષુમ મનમાં જવું કેવી રીતે? સુષુમ મનમાં નવા દૃઢ સંસ્કારો સ્થાપવા શી રીતે? આને લગતી ચોક્કસ પદ્ધતિ–ટેકનિક યોગમાં છે. આપણે ઉંઘી જઈએ ત્યારે આપણી આસપાસની ક્રિયાઓમાંથી મન પાછું અંદર ઊતરી જાય છે અને બાહ્ય જગતનું ભાન રહેતું નથી. જાગૃત અવસ્થા તથા નિદ્રાની આ અવસ્થા વચ્ચે એક એવી અવસ્થા છે કે જે અર્ધી જાગૃત અવસ્થા છે. તથા અર્ધી સુષુમ અવસ્થા છે. આ અવસ્થાને અંગ્રેજીમાં હિપ્નોસિસ કહેવાય છે. આવી અવસ્થામાં જૂના સંસ્કારો દૂર કરી નવા સંસ્કારો આવી અવસ્થા દરમિયાન રોપવા તેને સવિતર્ક સમાધિ, સંપ્રજ્ઞાત સમાધિ તથા સબીજ સમાધિ કહેવાય છે.

જો તમે યોગ્ય ગુરુ પાસે એકાદ વર્ષ યોગની સાધના કરો તો ત્રણચાર મહિનામાં તમે પણ સમાધિની આ અવસ્થામાં આવી શકો.

આ અવસ્થા લાવવામાં ભયજનક કશું જ નથી. ઉંઘી જનાર મનુષ્ય ઉંઘ્યા પછી આપોઆપ જાગૃતિમાં આવી જાય છે, તેમ આવી સમાધિમાંથી પણ તમે ઇચ્છો ત્યારે, કોઇનીય સહાય વગર તથા આપોઆપ જાગૃત અવસ્થામાં આવી જાવ છો. આ સમાધિમાંની પ્રક્રિયા ઓટોસજેશન અથવા સેલ્ફ–હિપ્નોસિસ પણ કહેવાય છે.

આંખ મીંચીને શરીરને સ્થિર રાખી બેસવાની તમે ટેવ પાડો અને જ્યારે ૪૫ મિનિટ સુધી સ્થિરતાથી, સરળતાથી બેસવાની ટેવ પાડો ત્યારે આપોઆપ ધીમે ધીમે જાગૃત મનના વિચારો શમી જવા લાગે છે અને તમે સુષુમ મનની અવસ્થામાં સરી પડો



છો. આમ ક્યારે બને છે તેની પણ તમને ખબર પડતી નથી. કારણ કે આ ક્રિયા સ્વાભાવિકતાથી થાય છે.

પ્રાણાયામ સહિત ૐકારના બે પ્રકારના ધ્વનિની સાધનાથી સબીજ સમાધિમાં જઇ શકાય છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસે દર્શાવેલી પ્રત્યાહારની પદ્ધતિથી ગમે તેટલો સમય એક જ આસને બેસી શકાય છે. આ પદ્ધતિ પણ આવી સમાધિમાં ઉપયોગી છે.

સ્વામી વિવેકાનંદે દર્શાવેલી શૂન્યક પ્રાણાયામની પદ્ધતિથી કે શ્રી યોગેશ્વરે દર્શાવેલી કુંભક પ્રાણાયામની પદ્ધતિથી પણ આવી સમાધિમાં સરળતાથી જઇ શકાય છે.

જાગૃત મન થાકી જાય ત્યારે ઉંઘ આવે, તે અગાઉની સ્થિતિમાં પણ આવી સમાધિ થઇ શકે, પણ તેમાં ઉંઘ આવી જવાનો સંભવ રહે છે.

એક બીજી સરળ પદ્ધતિ આ રહી. તમારાથી બે ફૂટ દૂર ઘીનો દીવો રાખીને બેસો અને તેની સામે સતત જોઇ રહો. આંખ થાકે ત્યારે બંધ કરો. પછી આંખ ઉઘાડી શકાય ત્યારે ઉઘાડો. આમ વારંવાર કરવાથી આંખો ભારે થશે. અને છેવટે આંખ ઉઘડી જ શકશે નહીં. બસ અહીંથી આ સમાધિ શરૂ થાય છે. પણ સાધક નિર્બીજ સમાધિમાં સરી પડવાનો ભય હોવાથી આ પ્રયોગ એકાંતમાં ન કરવો પણ કોઇને પોતાનું ધ્યાન રાખવા પાસે રાખો. વધુ સારો માર્ગ નાઇટલેમ્પની ઝીણી લાઇટનો ઉપયોગ કરવાનો છે. બ્રહ્માકુમારી સંપ્રદાયમાં સભાજનોને સબીજ સમાધિમાં લઇ જઇ ઉપદેશ આપવા આ પ્રયોગ કરવામાં આવે છે. આવા પ્રયોગથી અસંખ્ય માનવીઓને નવી સર્જનાત્મક કાર્યદિશા મળી છે.

હવે આપણે આ બાબતમાં કેટલાક સૂત્રો જોઈએ.

સમાધિપાદના ૧૭ મા સૂત્રમાં જણાવ્યું છે–

વિતર્ક વિચારાનંદાસ્મિતાનુગમાત્સંપ્રજ્ઞાતઃ (સમાધિપાદ ૧૭)

અર્થાત્ સંપ્રજ્ઞાત સમાધિમાં તમે કોઈપણ બાબતની બધીય બાજુના વિચાર કરી શકો છો. અમુક જે હું કર્મ કરું છું તેનો લાભ શો અને નુકસાન શું? આવી જ રીતે તમે તમારી ભૂતકાળની ભૂલોની ગંભીરતા, નુકસાનનો વિચાર કરો છો, તમે આનંદ અનુભવો છો. આ આનંદ ક્યોં' આ સમાધિમાં તમને અંદરથી પરમાત્માનો અવાજ સંભળાય કે હું બ્રહ્મ છું અને તમે તેના અંશ હોવાથી તમે પણ તે જ છો. (અહં બ્રહ્માસ્મિ. તત્ ત્વમસિ). આ બ્રહ્મ તે પ્રજ્ઞાન છે અને આ તારો આત્મા પણ બ્રહ્મ છે. આ અવસ્થામાં આ સંસ્કારો દૃઢ થાય છે. હું આત્મા છું હું સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છું તથા સહુ કોઈમાં વ્યાપેલો આત્મા હું જ છું. આ ત્રણેય સંકલ્પની સાધનાથી એની વિરુદ્ધના વિચારો દબાઈ જઈ ધીમે ધીમે ભુંસાઈ જાય છે.

આ અવસ્થા સવિતર્ક સમાધિ તરીકે પણ ઓળખાય છે. આ અવસ્થામાં સુષુમ મનમાં શબ્દો દ્વારા વ્યક્ત થતું જ્ઞાન, સાચું જ્ઞાન ઉદય પામે છે તથા મિથ્યા જ્ઞાન શું તે તે સમજાય છે.

તત્ર શબ્દાર્થ જ્ઞાન વિકલ્પૈઃ સંકીર્ણા સવિતર્કા। (સમાધિપાદ–૪૨)

આ સમાધિની અવસ્થામાં સર્વ બાબતોનું તથા લાગણીઓનું સાચું જ્ઞાન થાય છે. અને વિષયોનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે. આનાથી ખરાબ પરિણામ લાવનાર પાંચ વિષયોથી મનુષ્ય દૂર રહી શકે છે. છે. એટલે જ કહ્યું છે કે–



એતયૈવ સવિચારા નિર્વિચારા।
ચ સૂક્ષ્મવિષયા વ્યાખ્યાતા. (સમાધિપાદ–૪૪)

આવી સમાધિનો પ્રયોગ લાંબો સમય ચાલુ રાખવામાં આવે તો સૂક્ષ્મ જ્ઞાન એટલું સૂક્ષ્મ થાય છે કે તે કેવળજ્ઞાન બની જાય છે. આથી યોગસૂત્ર કહે છે કે–

સૂક્ષ્મવિષયત્વં આલિંગપર્યવસાનમ્. (સમાધિપાદ–૪૫)

આવી સબીજ સમાધિની સાધનાથી જે જૂના બીજ સંસ્કારો આધિ, વ્યાધિ તથા ઉપાધિ ઊભી કરતા હોય તે શમી જાય છે અને સબીજ સમાધિની સાધનાથી ચિત્ત ઉપર, સુષુમ મન ઉપર જે સંસ્કારો દૃઢ કરવામાં આવ્યા હોય તે અનુસાર જ મનુષ્ય વિચારે છે, બોલે છે તથા આચરણ કરે છે. એનું સમગ્ર વ્યક્તિત્વ ફેરવાઈ જાય છે. આથી જ કહ્યું છે કે–

તજ્જઃ સંસ્કારોઽન્યસંસ્કાર પ્રતિબંધી. (સમાધિપાદ–૫૦)

યોગવિજ્ઞાન માને છે કે ચિત્તના સંસ્કારો બદલવાથી માનવીને બદલી શકાય છે. સબીજ સમાધિ દ્વારા મનુષ્ય અંતર્મુખી બની સંસાર પ્રત્યે ભાગેડુ વૃત્તિ ધરાવે છે એ એનું ભયસ્થાન છે. આવી જ રીતે તે બહિર્મુખી બની સંસારમાં કનક, કામિની અને કીર્તિનો ગુલામ પણ બને છે એ પણ એનું ભયસ્થાન છે. એટલે આવી સાધના કોઈ અનુભવી, જ્ઞાતા ગુરુ સમક્ષ શીખવી–કરવી એવી સલાહ અસ્થાને નથી.

અમુક વ્યક્તિનાં દર્શન માત્રથી પણ મનુષ્ય જાગૃત મનમાંથી સરકી જઈ સુષુમ મનમાં ચાલ્યો જાય છે ત્યારે તેને દર્શનસમાધિ થાય છે અને દર્શનીયના દર્શનથી જીવન બદલાય છે તેનું ઉદાહરણ ભગવાન સ્વામિનારાયણના દર્શનથી સુધરેલા માનવીઓનું આપી શકાય. □

# મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ

ભૂપતરાય ઠાકર (ઉપાસક)

કહેવાયું છે કે વ્યક્તિ જે વિચારનું ચિંતન કરે એ વિચારની તેના આંતરિક વ્યક્તિત્વ ઉપર અસર થતી રહે છે. વ્યક્તિના ભૌતિક દેહ ઉપરાંત તેની સાથે સતત ભાવદેહ રહેતો હોય છે. વિચાર–મંત્ર/ચિંતન વ્યક્તિના ભાવ–દેહ પર સતત અસર કરતો રહે છે. તેથી કહેવાયું છે કે 'માણસ જેવું ચિંતન કરે તેવો માણસ તે બને છે.'

સ્થૂળ ઉદાહરણ લઈએ તો, જેમ ઈયળ ભમરીમાં ધ્યાનથી ભમરીપણાને પામે છે તેમ 'વિચારમંત્ર'થી વ્યક્તિના આંતરિક વ્યક્તિત્વનું ઘડતર થાય છે.

'મંત્ર' એ વિચારોનો શબ્દ દેહ છે. કોઈ મહાપુરુષ પોતાની એકાગ્ર સંકલ્પશક્તિની ફૂંક અમુક શબ્દોમાં મૂકે ત્યારે તે શબ્દ 'મંત્ર' બની જાય છે. મંત્રનો શબ્દદેહ ભલે નાનો હોય, પણ એ નાનકડાં સૂત્રમાં પ્રાચીનકાળના કોઈ સિદ્ધપુરુષે વિરાટ શક્તિ એકાગ્ર કરી છે. કોઈ અન્ય વ્યક્તિ જ્યારે એ મંત્ર ઉપર ખૂબ એકાગ્ર થઈ, મનન કરી, ચાંપ દબાવે ત્યારે એ મંત્રની વિરાટ શક્તિ ઉપાસકની યોગ્યતા પ્રમાણે બહાર આવે છે. 'પ્રચ્છન્ન ગુપ્ત ધનં' એ આ મંત્ર છે. 'મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ' મનન, સતત અનુશીલન દ્વારા કાર્યાન્વિત બનીને રક્ષણ કરે, ફળ આપે, તે મંત્ર.

ધ્વનિ–વિજ્ઞાન શાસ્ત્રીઓએ દીર્ઘ સંશોધન પછી એ સર્વ સામાન્ય સત્ય એ શોધ્યું છે કે આ જગતમાં પેદા થતો કોઈ જ



ધ્વનિ, ક્યારેય પણ નાશ પામતો નથી. આ ધ્વનિ મનુષ્યના વિચારોનો શબ્દ દેહ છે. જે સિદ્ધિઓ હાંસલ થઈ છે. સિદ્ધિઓના સાકાર રૂપ જોઈએ છીએ એ સિદ્ધિઓ વિચારોની એકાગ્રતા, સતત ચિંતન, સતત મનન અને સાતત્યથી મળતાં નક્કર પરિણામો છે. વિચારબિન્દુ પર એકાગ્ર થનારાઓએ જે ચમત્કારો સર્જ્યા છે તે આપણી સામે, અનેકરૂપે મોજૂદ છે.

સ્વામી વિવેકાનંદે આ બાબતે સરસ કહ્યું છે :

Take Up one idea,
make that one idea your life
Think of it
dream of it.
Live on that idea.
Be full of that idea and
just leave every other idea alone'
This is the way to success.

બસ.. એક Idea એ બીજમંત્ર બની જશે અને સફળતા સુધી લઈ જશે.

મનુષ્ય સાવ સામાન્ય જીવ બનીને ન જીવે કિન્તુ કંઈક વિશેષ જીવન વ્યતિત કરે, તો જીવનની સાર્થકતાની પ્રાપ્તિ થાય, વિવેક-બુદ્ધિ ઉચ્ચત્તર કક્ષાએ ઉન્નતિ સાધે એ 'ધર્મ'નું મહત્ત્વ છે. ખૂબ ઊંચી–આધ્યાત્મ કક્ષાએ પહોંચેલી વ્યક્તિઓ વિશ્વકલ્યાણના દૃઢ સંકલ્પથી જે શબ્દોમાં પોતાની તમામ આંતરિક શક્તિઓ આરોપે છે એ શબ્દો 'મંત્ર' બની જાય છે.

ભારતીય મંત્રવિજ્ઞાન અનુસાર દરેક અક્ષર અમુક ગુપ્તશક્તિ-

નો વાહક છે. અક્ષરોની શક્તિ સંબંધિત આ વિદ્યા 'માતૃકા વિદ્યા' કહેવાય છે. મહાપુરુષો પોતાની એકાગ્ર થયેલી સંકલ્પશક્તિને અમુક અક્ષરોની સાહજિક/આપ મેળે/સહજ રીતે ગોઠવણ જ એવી રચાઇ જાય છે કે પોતાની મેળે અમુક અક્ષરોની નિકટતા (Jux-taposition)ને કારણે શક્તિઓનો સરવાળો ઉત્પન્ન થાય છે.

ધ્યાનસ્થ મહાપુરુષો, એકાગ્રચિત્તે, એક વિચાર બીજમાં, પોતાના સમગ્ર અસ્તિત્વને ઝબોળી દે છે અને પોતાના પ્રાણ-વાયુને 'અવાજ' 'ઘોષ'રૂપે શબ્દો ઉચ્ચારે છે ત્યારે એ શબ્દો દ્વારા રચાયેલું સૂત્ર—વાક્ય 'મંત્ર' બની જાય છે. શબ્દમાં શક્તિનું નિરૂ-પણ—આરોપણ થાય પછી તે શબ્દો કે વાક્ય સ્થૂળ અર્થ કે વિચારથી મુક્ત થઇ 'મંત્ર'રૂપ બની જાય છે. એ સૂત્રમાં 'આત્મ-તત્ત્વ'નું ઉમેરણ થાય છે.

એક અક્ષરથી નવ અક્ષર સુધીના મંત્રો 'બીજમંત્ર' કહેવાય છે. દશ અક્ષરોથી વીસ અક્ષરો સુધીના મંત્રો 'મંત્રો' કહેવાય છે. વીસ અક્ષરોથી વધુ અક્ષરો ધરાવતા મંત્રો 'માળા મંત્રો' કહે-વાય છે.

મંત્રો ઇષ્ટ—સાધક છે. તેના એકાગ્રતાપૂર્વક, વિધિપૂર્વક, શ્રદ્ધા-પૂર્વક, સમગ્રતાપૂર્વક જાપથી મનવાંછિત ફળ પ્રાપ્તિ થાય છે. માનસિક ત્રાસ અને તાણ દૂર થાય છે. મંત્રનો મુખ્ય હેતુ મોક્ષનો મુક્તિનો, શાંતિનો, શાશ્વત સુખનો અને કર્મ નિર્જરા છે. માનવ-ચિત્તને સદા વ્યાધિ કરતી રહેતી ઇચ્છાઓ અને વાંછનાઓનો સંહારનો છે.

દુઃખોથી સંતપ્ત થયેલા સંસારનાં પ્રાણીઓ માટે મંત્ર—સર્વ ધ્યેયોમાં પરમ ધ્યેય છે, સર્વ તત્ત્વોમાં પરમ તત્ત્વ છે. મંત્રજાપના



પાંચ પ્રકાર છે. (૧) શબ્દ જાપ (૨) મૌન જાપ (૩) સાર્થ જાપ, (૪) ચિત્તસ્થ જાપ અને (૫) ધ્યૈયૈકત્વ જાપ, શબ્દ જાપ એટલે વાચિક જાપ, મૌન જાપ એટલે એટલે ઉપાંશુ જાપ, સાર્થ જાપ એટલે અર્થસહિત જાપ, ચિત્તસ્થ જાપ એટલે માનસ જાપ. ધ્યૈયૈકત્વ જાપ એટલે મન—આત્મા/પરમાત્માની એકતા.

જપાત્ સિદ્ધિઃ જપાત્ સિદ્ધિઃ, જપાત્ સિદ્ધિઃ ન સંશયઃ।

## * મન પરનો કાબૂ કઠિન છે *

તમે ગાંડા હાથીને કાબૂમાં લાવી શકશો,
તમે વાઘ અને રીંછના મોઢાં બંધ કરી શકશો,
તમે સિંહ ઉપર સવારી કરી શકશો,
તમે નાગ—સાપ સાથે રમી શકશો,
તમે રસવિદ્યાથી જીવન જીવી શકશો,
તમે અજ્ઞાતરીતે આખી દુનિયામાં ભટકી શકશો,
તમે પાણી પર ચાલી શકશો અને અગ્નિમાં રહી શકશો,
પરંતુ
મનનો કાબૂ ઉચ્ચતર છે અને આ બધાથી વધુ કઠિન છે.

—થાયુમ મનાવર

# મહાત્મા મસ્તરામજી

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## પ્રારબ્ધ-ભોગમાં અલિપ્તતા

પ્રાણીમાત્રને પોતાના સંચિત તથા પ્રારબ્ધકર્મનાં ફળ ભોગવવાં પડે છે. શુભાશુભ જે કર્મ કર્યા હોય છે તેમાંથી બંધાયેલું ભાવિ ભોગવ્યા વિના મનુષ્યો તો શું પણ સૃષ્ટિ રચનારા દેવો પણ મુક્ત નથી. સામાન્ય મનુષ્ય અને જ્ઞાની મનુષ્યોમાં ફરક માત્ર એ પ્રારબ્ધ સહન કરી લેવાની રીતમાં હોય છે. સામાન્ય કોટિનો મનુષ્ય દુઃખ, દરદ આવતાં ગભરાઇ જાય છે, બૂમાબૂમ કરે છે, દોડાદોડ કરે છે ને આસપાસનાં સગાંસ્નેહીઓને પણ તે ગભરાવીને દુઃખી કરે છે, જ્યારે જ્ઞાની તો દુઃખદરદો શરીરનો સ્વભાવ જ છે, એમાં કાંઇ નવી બાબત નથી, શરીર એ કાંઇ હું પોતે નથી, દુઃખ તો શરીરને છે એમાં મને શું છે એવી સદ્ભાવનાથી દુઃખદરદ ગણકારતા નથી. મસ્તરામજી આ બીજી કોટિના હતા. એમની દૃષ્ટિ તો નીચેની પંક્તિમાં વ્યક્ત થાય છે.

મસ્ત ચિંતા મત કરો, તું કર બ્રહ્મ વિચાર;
શરીર સોંપ દે પ્રારબ્ધકો, લોઢું જાણે તે લુહાર.

એક વખત મસ્તરામજીને એક પગ ઉપર મોટું ગૂમડું થયું. તે પાક્યું, ફૂટયું પણ રૂઝ્યું નહિ તેથી તેની પીડાને લીધે મહારાજ-શ્રીને ચાલવામાં મુશ્કેલી પડતી. છતાં પોતે માનતા કે 'સાધુ તો ફિરતા ભલા' ને તેથી તેઓ એક જ જગ્યાએ બેસી ન રહેતા. ખોડંગાતા ખોડંગાતા પણ પોતે ફરતા રહેતા.



ભાવનગરના મહારાજા શ્રી તખ્તસિંહજીને આ વાતની ખબર પડી, એટલે એમણે એમના ડોક્ટરને બોલાવી મહારાજશ્રી જ્યાં બેઠા હોય ત્યાં જઇ યોગ્ય સારવાર કરવા કહ્યું. જવાને ડોક્ટરને ઘોડાગાડી આપી. મસ્તરામજીની શોધમાં એમનાં બેસવાનાં બધાં ઠેકાણાં જોતાં જોતાં એક સ્થળે ડોક્ટરને એ બેઠેલા જણાયા. તે એકલા જ બેઠા હતા. ગૂમડું પાકીને ફૂટેલું હતું અને એમાં જીવાત પડેલી હતી. જે કીડા ગૂમડામાંથી પ્રવાહી પીતાં પીતાં નીચે પડી જતા હતા, તેમને ઊંચકી ઊંચકી મહારાજ પાછા ગૂમડા પર મૂકતા અને કહેતા, 'આ શરીર પાસે તારું જેટલું લહેણું હોય તે બધું પૂરેપૂરું લઇ જા. ફરીફરીને આવવાથી તને દુઃખ થશે. માટે લે બરોબર ચૂસી લે ને આ જન્મે તારા ભોગ તું ભોગવી લે.' આ પ્રકાર ચાલતો હતો, એવામાં ડોક્ટર ગાડીમાંથી ઊતર્યા ને તેમણે મહારાજશ્રીને પ્રણામ કરી મહારાજા સાહેબે, 'મને ગૂમડાંને ધોઇ તેને દવા લગાડી પાટો બાંધવાને મોકલ્યો છે.' એમ જણાવ્યું અને વિનંતિ કરી. 'ગૂમડું તપાસી મને યોગ્ય ઉપચાર કરવા દો!'

મસ્તરામે હસીને કહ્યું, 'દેહના દંડ દેહને ભોગવવા જ પડે છે. પ્રારબ્ધભોગની મર્યાદા કોઇ વટાવી શક્યું નથી માટે મિથ્યા પ્રયત્ન શા માટે કરવો?' છતાં ડોક્ટરે પોતાની વિનંતિ અને આગ્રહ ચાલુ રાખ્યાં. મસ્તરામજીને ડોક્ટરની સ્થિતિનો વિચાર આવતા તેની પર દયાની દૃષ્ટિએ પોતાનો પગ એના મોં આગળ ધર્યો. ડોક્ટરે ગૂમડું બરોબર ધોઇ, દવા ચોપડી, પાટો બાંધ્યો અને પછી ગયા. જાણે ડોક્ટરના જવાની રાહ જ જોતા હોય તેમ ડોક્ટર ગયા એટલે પોતે પણ ખોડંગતા ખોડંગતા ફરવા નીકળી પડયા. બીજે દિવસે પણ પાછા ડોક્ટરને મહારાજાએ મોકલ્યા. તે દિવસે મહારાજશ્રીના પગ પર નહોતો પાટો કે ન પટ્ટી. તે ક્યાં

પડી ગયેલાં તેની મહારાજને ખબર નહોતી. આથી ડોક્ટરે ગૂમડું ધોઇ ફરી બીજો પાટો બાંધ્યો. રોજના આ જ પ્રકાર! એમ કરતાં કરતાં આઠ દિવસે ગૂમડું રૂઝાઇ ગયું એટલે ભક્તો ચિંતામુક્ત થયા. મહારાજ તો જેમ હતા તેમને તેમ જ હતા. મસ્તીમાં મસ્તરામ જ હતાને એ!

**આખરી માંદગીમાં પણ બ્રહ્માનંદની મસ્તી**

એમની અંતિમ માંદગીમાં પણ આ જ બ્રહ્માનંદની મસ્તીમાં એ હતા. વિ. સં. ૧૯૫૭ ના અષાઢ વદમાં એક દિવસ તેઓ બોટાદ એમના ભક્ત લક્ષ્મીશંકરભાઇને ત્યાં પધાર્યા. તે વખતે એમની હંમેશની હમીર સુતારની કોડની મેડી પર જ એમનો ઉતારો હતો. ત્યાં એમને તાવ આવ્યો. વૃદ્ધ અશક્ત શરીર હતું તેથી એમના મળત્યાગ માટે પાસે જ એક થાણદાર ગૃહસ્થનું સાંઠિયોના કડાનું કામચલાઉ જાજરૂ હતું ત્યાં જવાની ભક્તે ગોઠવણ કરી. મહારાજશ્રી એ જાજરૂમાં ગયા પણ પાછા વળતાં એમને લથડિયું આવ્યું અને એમના એક હાથ પર સાંઠીનો સખત ઉઝરડો થયો, અને લોહીનો ટશિયો આવ્યો. આને લીધે રાતમાં જ આખા હાથે સોજો ચડયો અને ઝમરો થઇ ગયો. તેમની પોતાની બિલકુલ ઇચ્છા ન હોવા છતાં ભક્તો એમને જે યોગ્ય લાગતા તે ઉપચારો કરતા પણ આથી કાંઇ લાભ થયો નહિ. ત્રીજે દિવસે હાથ ગંધાવા લાગ્યો. ભક્ત શ્રી લક્ષ્મીશંકરે મહારાજની આ માંદગીના સમાચાર શેઠ રૂસ્તમજીને આપ્યા. તેઓ ત્યાં આવ્યા અને ગાડીમાં બેસાડી મહારાજશ્રીને પોતાને બંગલે જીનમાં લઇ ગયા. દાક્તરી ઉપચાર શરૂ કર્યા પણ કાંઇ ફેર ન પડયો. આખો હાથ પાકી ગયો. સખ્ત દરદ થતું હોવા છતાં પણ મહારાજ તો નિત્યાનંદમાં જ હતા.



એક દિવસે મહારાજના પરમ ભક્ત બાજીબા નામે એક ચારણબાઇ આવ્યાં. તેઓ વંદન કરી બોલ્યાં, 'બાપુ, હું બાજીબા, આપને પ્રણામ કરું છું. આપને હવે કેમ છે તે કહો.' મહારાજશ્રીએ તેને ઉત્તર આપ્યો, 'બાઇ જો! આ દુઃખ તો હાથને છે તેમાં મસ્તરામને શું છે? નાશવંત દેહને પ્રારબ્ધકર્મ ભોગવવાં જ પડે છે. અજ્ઞાની જીવો એવા નાશવંત દેહનો શોક કરે છે. મસ્તરામ તો આત્માની મસ્તીમાં જ મગ્ન છે.'

**ક્ષરદેહની સમાધિ**

મહારાજશ્રીની માંદગીની ખબર સાંભળી લીંબડીના ઠાકોર સાહેબ સર જશવંતસિંહજીએ પોતાના ખાનગી મંત્રી તથા મુખ્ય દાક્તરને બોટાદ મોકલ્યા અને મહારાજશ્રીને ફર્સ્ટ ક્લાસમાં લીંબડી તેડી લાવવા આજ્ઞા કરી. તે પ્રમાણે મંત્રીજીએ મહારાજશ્રીને વિનંતિ કરી. રૂસ્તમજી અને તેમનાં પત્ની ખૂબ જ ભાવપૂર્વક ગુરુસેવા કરી રહ્યાં હતાં. મહારાજશ્રીએ તેમની સેવાથી સંતોષ વ્યક્ત કરતાં કહ્યું, 'જો રૂસ્તમજી, આ દેહ આજથી ત્રીજે દિવસે અહીં જ પડનાર છે. આ માટી આ ભૂમિમાં મળી જવાની છે તેથી એમને કહી દે કે, આ શરીર હવે અહીંથી કોઇ પણ બીજી જગ્યાએ જનાર નથી.'

મંત્રીજીએ ત્રણ ત્રણ વાર વિનંતિ કરી, પણ મહારાજ નિરૂત્તર રહ્યા. ફરી છેવટે એટલું જ કહ્યું, 'આજથી ત્રીજે દિવસે બપોરે આ શરીર અહીં જ પડવાનું છે.' પછી એમના કહ્યા પ્રમાણે જ ત્રીજે દિવસે એટલે અષાઢ વદ એકાદશીને ગુરુવારે ત્રણના શુમારે એમણે દેહ છોડયો.

સુતાર પાસે એક સુંદર શિબિકા બનાવડાવી પુષ્પોથી શણ-

ગારી એમના બ્રાહ્મણભક્તોએ વિધિપુરઃસર મહારાજશ્રીના મૃત-દેહને એ પાલખીમાં પધરાવ્યો. પછી પાલખી ઉપાડી રામનામ, સાખીઓની ધૂન તથા ભજનકીર્તન સાથે સરઘસાકારે જીનની સામે સમાધિની ભૂમિ તૈયાર કરાવી હતી તેમાં ઈશ્વરનામના ઘોષ સાથે એ મહારાજશ્રીના દેહને પધરાવ્યો. એમના બારમા દિવસે સાધુબ્રાહ્મણો તથા બાળકોને ભંડારો કરી ભક્તોએ જમાડયા.

બાજીબાએ પછી શ્રી રૂસ્તમજીની મદદથી બધા દરબારો પાસેથી સારી જેવી રકમ ઉઘરાવી ત્યાં સમાધિ પર પથ્થરનો ઓટલો બંધાવી થાંભલા મૂકી તે પર મોટી છત્રી તૈયાર કરી સમાધિસ્થાને નાનકડી દેરી બાંધી, તેમાં મસ્તરામજીની મૂર્તિ પધરાવી પ્રાણપ્રતિષ્ઠા, ધજારોપણ વગેરે ભારે ધામધૂમથી વિધિ-પુરઃસર કર્યાં.

('મહાત્મા મસ્તરામજી'નાં જીવન પ્રસંગોના આધારે)

## * ચૂંટેલા પુષ્પો *

* અભિમાની બનો તો ધર્માભિમાની બનજો.
* કાંઇ કરવાની ઇચ્છા થાય તો સૌનું ભલું કરજો.
* બોલવાની ઇચ્છા થાય તો હિતકર પ્રિય ભાષા જ બોલજો.
* મારવાની અભિલાષા થાય તો કર્મશત્રુને જ મારજો.
* નિંદા કરવાની ઇચ્છા થાય તો સ્વનિંદા કરજો.
* લોભ કરો તો ધર્મનો જ લોભ કરજો.
* સંગ્રહ કરવો હોય તો ધર્મનો જ સંગ્રહ કરજો.



વેદમૂર્તિ બ્રહ્મલીન વેદદર્શનાચાર્ય

# સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજ

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)
પરિચાયક

ભારતમાં ભારતીય સંસ્કૃતિની જ્યોતિર્ધરસમી અનેક વિભૂતિ-ઓ જે સમય સમય પર અવતરી છે તેમાં વેદમૂર્તિ પાંસાતવળે-કરજીની સાથે બ્રહ્મલીન સ્વામી ગંગેશ્વરાનંદ 'ઉદાસીન' મહા-રાજનું નામ ગૌરવથી લઇ શકાય છે. તેઓ વેદદર્શનાચાર્ય વેદ-મૂર્તિ મહામંડળેશ્વર શ્રી ૧૦૮ 'ઉદાસીન' સનાતન ધર્મપરંપરાના મહારાજ સ્વામી તરીકે ઉજ્જ્વળ સેવા કરી ગયા. તેમનામાં તેજસ્વી પ્રતિભા, ઉત્કટ ભગવદ્ભક્તિ, પ્રબળ તપોજ્જ્વલ તેજ, અને ભગવાન વેદમાં અનન્ય શ્રદ્ધાના તત્ત્વો ભરપૂર હતાં.

સનાતન ધર્મ પરંપરાનો ઉદાસીન સંપ્રદાય ભારતના પ્રાચીન-તમ વૈદિક સંપ્રદાયોમાંનો એક ગણાય છે. માનવામાં આવે છે તેમ વૈદિક સંપ્રદાયનું પ્રવર્તન સૌ પ્રથમ ભગવાન વિષ્ણુદ્વારા થયેલ અને એના દર્શનનો ઉપદેશ એમણે બ્રહ્માના પુત્ર સનત્કુમારને પહેલવહેલો કરેલો. એ પરંપરામાં સ્વામી રામાનંદજી સોળમા શિષ્ય થયા ને એમના પ્રિય શિષ્ય હતા સ્વામી ગંગેશ્વરાનંદજી.

### જન્મ–ઉછેર–દીક્ષા–સાક્ષાત્કાર

સ્વામી ગંગેશ્વરાનંદજીનો જન્મ પંજાબનિવાસી પં. રામ-દત્તજીને ત્યાં ઇ. સ. ૧૮૮૧ માં થયો હતો. જન્મ ટાણે બાળકમાં ચંદ્રસમું તેજસ્વી મુખ સઘળાનું મન હરતું અને આકર્ષણ કરતું હતું. જન્મના ત્રીજા વર્ષે તો એમની વહાલી માતાનું નિધન

થવાથી એમનો ઉછેર દાદીમા દ્વારા થવા પામ્યો. પાંચમા વર્ષે તેમને ઉપનયન સંસ્કાર આપવામાં આવ્યા. તેમનું જન્મનામ ચંદ્રેશ્વર હતું.

તેમના પિતાના જીવનમાં વેદનું અધ્યયન, જપતપ અને યજ્ઞયાગાદિ તાણાવાણાની પેઠે ગૂંથાઇ ગયેલા, તેઓ બાળચંદ્રેશ્વરને શાસ્ત્રનો અભ્યાસ કરાવતા ને ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું પાન કરાવતા. એટલે ટૂંક સમયમાં એમનું બાળહૃદય શ્રીકૃષ્ણ-પ્રેમથી સભર થઇ ગયું અને પરિણામે તેમના બાળહૃદયને વૃંદા-વનધામનાં દર્શન કરવાની ઉત્કટ લગની લાગી અને તેમણે હઠ લીધી, એટલે યાત્રાએ નીકળ્યા. માર્ગમાં જ સિદ્ધ તપસ્વી શ્રી સંતરામ મહારાજનો આશ્રમ આવતાં તેઓ પિતા સાથે ત્યાં થોડા દિવસ રોકાયા. ત્યારે સંતરામ મહારાજશ્રીએ સમાધિમાં જોયું કે બાળચંદ્રેશ્વર તો પૂર્વજન્મના ઉમદા પવિત્ર સંસ્કારો લઇ બાળ-યોગીના રૂપમાં આવ્યો છે.

એટલે તરત તેમણે 'શક્તિપાત યોગ'ની આધ્યાત્મિક વિદ્યાથી એને અનુગ્રહિત કર્યો. ત્યાં હરિ પ્રબોધની એકાદશીના દિવસે બાળચંદ્રેશ્વરને ભગવાન શ્રીકૃષ્ણે દર્શન આપી કહ્યું : "તારા બધા સંકલ્પો અનાયાસ પૂરા થશે, મારી દિવ્ય શક્તિઓથી તારું જીવન સદા સંપન્ન થશે. વ્યાપક લોકસંગ્રહ કરતાં કરતાં તને અપાર યશ મળશે ને છેવટે મારી જ્યોતિમાં મળી જઇ અમરતા પામશે."

ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી બીજે દિવસે જ બાળ-ચંદ્રેશ્વરને ભારે તાવ આવ્યો ને શીતળાના પ્રકોપમાં એ ફેરવાઇ ગયો. બધા ઉપાયો કારગત ન થયા ને આખરે તેમની આંખોની રોશની જતી રહી. એમના ગુરુદેવના સાન્નિધ્ય માટે એ ઝૂરવા લાગ્યા ને નવ વર્ષની વયે તેઓ ગૃહત્યાગ કરી ગુરુ સમાનંદ સ્વામી પાસે હરિદ્વાર જઇ બેઠા. ત્યાં શાસ્ત્રોના અધ્યયન સહિત



ગાયત્રી મંત્ર ને તેના પુરશ્ચરણની વિધિ પ્રાપ્ત કરી તેમણે પંજાબમાં જ્વાળામુખી પીઠમાં જઇ ધૂણી ધખાવી. સતત ત્રીસ વર્ષ પર્યંત ૨૪ લાખ ગાયત્રીમંત્ર, વ્રતપાલન ને ફળાહાર સાથે તેમણે જપ્યા. ગુરુદેવે તેમને પંચદેવ ઉપાસનાનો મહિમા સમજાવી સૂર્ય, ગણેશ, ભગવતી દુર્ગા, ભગવાન શંકર ને વિષ્ણુ ભગવાનના પૂજનદ્વારા માનવજીવન પીડામુક્ત થતું હોવાનું રહસ્ય સમજાવ્યું.

એ પછી બાર વર્ષની વયે એ બાળયોગીએ સમગ્ર દેશનું પરિભ્રમણ કરી કઠોર ઉપાસના ને યોગસાધના કરી. ૧૯૧૫ માં હરિદ્વારના કુંભમેળા ટાણે એમણે ગુરુ રામાનંદ સ્વામી પાસે દીક્ષા લઇ ગંગેશ્વરાનંદ નામ ધારણ કર્યું. એ પછી ગુરુઆજ્ઞાથી તેઓ કાશી જઇ ત્રણ વર્ષ રહ્યા ને વેદ, મીમાંસા, વ્યાકરણ, ઉપનિષદ ને દર્શનગ્રંથોમાં પારંગત થયા.

### ભગીરથ જીવનકાર્ય

એમના અનેક વિદ્વત્તા પ્રચુર સંશોધિત ગ્રંથો પ્રગટ થયા છે, ૧૯૬૬ માં એમણે ગોરક્ષા સંબંધી અભિયાન પ્રબોધ્યું. ૧૯૬૭ માં એમણે મુંબઇ ખાતે મેઘરાજ ભવનમાં વેદ પ્રસાર-પ્રચાર માટે "ગંગેશ્વર ચતુર્વેદ સંસ્થા"ની સ્થાપના કરી, એની કાર્યસમિતિની રચના થઇ ને ભવ્ય દિવ્ય વેદગ્રંથોના પ્રકાશનની યોજના થઇ. એ પછી તેઓ માઉન્ટ આબુ ગયા ને વૈદિક સંશોધનકાર્યના જ્યાં શ્રીગણેશ મંડાયા, પરિણામે ૧૯૭૦ માં 'ભગવાન વેદ'નામક મહાગ્રંથમણિ તૈયાર થઇ પ્રસિદ્ધિ પામ્યો.

ઇ. સ. ૧૯૭૦ થી ૧૯૮૫ પર્યંત ભારતનાં મહત્ત્વનાં નગરો, તીર્થો, આશ્રમો ને વિદ્યાસંસ્થાઓમાં 'વેદ ભગવાન ગ્રંથ'ની સ્થાપના થઇ ને ૮૦૦ જેટલાં વેદમંદિરો પણ ભારતભરમાં સ્થપાયાં. નેપાલ નરેશની વિનંતીથી નેપાલના પાટનગર ખટમંડુમાં

ય ૧૯૭૪ માં ભવ્ય સમારંભ યોજી વેદભગવાનની સ્થાપના તેમણે કરી. એ જ વર્ષે મુંબઇ ખાતે "સદ્‌ગુરુ ગંગેશ્વર આંતરરાષ્ટ્રીય વેદમિશન"ની સ્થાપના થઇ. એને બીજે વર્ષે ૧૯૭૫ માં તેમણે મોરેશિયસ, ઇંગ્લેન્ડ, નૈરોબી, સ્વીટ્ઝર્લેન્ડ, ઇટલી, અમેરિકા, નાઇજીરિયા, કેનેડા, વેસ્ટ ઇન્ડીઝ વગેરે દેશોની વિદેશયાત્રા આદરી અને ત્યાં ૯૫ જેટલાં વિવિધ કેન્દ્રોમાં ભગવાન વેદની સ્થાપના–પ્રતિષ્ઠા કરીને તેનો મહિમા પ્રસાર્યો.

ઇ. સ. ૧૯૮૧ માં મુંબઇ ખાતે એમની શતાબ્દી ઉજવાઇ અને ત્યારે ૧૦૮ ચતુર્વેદ પારાયણ અને ૨૫૬ શ્રીમદ્‌ભાગવત પારાયણના સંમેલન તથા પ્રવચન યોજાયાં.

આવું ભગીરથ કાર્ય કરી જનાર પ્રજ્ઞાચક્ષુ વેદમૂર્તિ આધ્યાત્મિક યુગાવતાર વિભૂતિરૂપ સ્વામી ગંગેશ્વરાનંદજી ઇ. સ. ૧૯૯૩ માં મહાજ્યોતિમાં લીન થઇ બ્રહ્મલીન થયા.

### વિચારધારાની ઝાંખી

આજના નૈતિક અધઃપતન અંગે તેમને પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું : "આજના મંદિરો–મઠોની સ્થાપના કંઇ માત્ર જાત્રા કરવા કે દર્શનાર્થે જ નથી થઇ. તેઓ સંસ્કૃતિમાં વિકાસ કેન્દ્રો છે અને એ દૃષ્ટિએ જ તેમની સ્થાપના–પ્રતિષ્ઠા થઇ છે. સવાર થયે મંદિર દર્શન માટે જતી વ્યક્તિ ત્યાંથી દિવ્યસંસ્કાર લઇને પાછી ફરે છે. સંસ્કૃતિના રક્ષણમાં જ સમાજનું રક્ષણ સમાયેલું છે. જે દેશ યા જાતિની સંસ્કૃતિ સુરક્ષિત નથી રહેતી તે દેશ યા જાતિ લાંબો વખત કદી જીવંત નથી રહી શકતી." વિચલિત મનને સંયમી કરવા અંગે તેઓએ આ પ્રમાણે કહ્યું છે : "આજે સૃષ્ટિનું જનજીવન વિચલિત થઇ ગયું છે. આજે મનુષ્ય આર્થિક, રાજનૈતિક ને સામાજિક વ્યવસ્થા પ્રશ્નોમાં એટલો બધો વ્યગ્ર થઇ એક સાથે બધું હલ કરવા ચાહે છે. પણ કશું પણ તે



વ્યવસ્થિત કરી શકતો નથી. એને કંઇ સૂઝ પડતી નથી. એટલે ઇચ્છા ન હોવા છતાં એ ભટકતો રહે છે, અધ્યાત્મવાદમાં મનને શાંત કરવાનો એકમાત્ર ઉપાય એ મનાયો છે કે મનુષ્યે સ્વાર્થો ને કામનાઓથી પર થવાનું છે. એમ થયા પછી ભલે તે અધ્યાત્મવાદનું ચિંતન કરે કે સમાજસેવા, તો પણ મનને શાંત રાખી શકે છે. મનને અશાંત કરનાર તત્ત્વ સંકુચિત સ્વાર્થ છે. જ્યાં સુધી એ સ્વાર્થ હશે ત્યાં સુધી કોઇ પણ સ્થિતિમાં મનુષ્ય પોતે શાંતિ નહિ અનુભવી શકે. સ્વાર્થભાવથી પર થઇ ઉચ્ચ પરમાર્થ ભાવમાં એ પહોંચશે કે તરત નિશ્ચિત રીતે તે પોતે શાંતિનો અનુભવ કરી શકશે."

શિક્ષણ પદ્ધતિને એના સ્વરૂપની બાબતમાં એમણે એકવાર જણાવ્યું હતું : "શિક્ષણ માનવને પૂર્ણ બનાવવા ને તેનામાં માનવતાનો વિકાસ થાય તે માટે હોવું જોઇએ. કેમકે જેમ બીજમાંથી વૃક્ષ–જેવું બીજ તેવું વૃક્ષ–વિકસિત થાય છે તેમ શિક્ષણમાંથી માનવનો જીવન વિકાસ થાય છે. જે શિક્ષણથી જીવનમાં નિરાશા, બેકારી, અનાચાર, ઉચ્છૃંખલતા અને ગેરશિસ્ત નિષ્પન્ન થાય તે સાચું આદર્શ શિક્ષણ ન કહેવાય. શિક્ષણ–કેળવણીનો અર્થ છે–જેનાથી વ્યાવહારિક જીવનની સાથે સાથે આધ્યાત્મિક જીવન અને શુદ્ધ ઉચ્ચ ચારિત્ર્ય પ્રાપ્ત થાય."

આવી પવિત્ર વિભૂતિની ૧૧૩ મી જન્મજયંતિની યાદગીરીમાં ફેબ્રુઆરી ૧૯૯૪ માં મુંબઇ ખાતે મોરારીબાપુની રામાયણ કથા સમાહ યોજવામાં આવી હતી. આવા સાચા ભારતરત્નો ચિરંજીવ રહેવા સર્જાયાં છે. તેમનું જીવન અને કાર્ય આપણને સદા ઊર્ધ્વ પ્રેરણા આપ્યા કરશે.

# જે સિદ્ધિનું પ્રદર્શન ન કરે તે સંત

વિનયભાઇ શેઠ

રામગઢ નામે એક નાનું ગામ. ત્યાં રામદાસ નામે એક ભગવાનના ભક્ત રહેતા, જેમને ધન–સ્ત્રી જેવી કોઇ લૌકિક લપ જ ન હતી. રામદાસ પ્રભુના સમર્થ દાસ હતા. તેઓ પોતે ભલા અને તેમના ભગવાન ભલા. આખો દિવસ શ્રીઠાકોરજીની સેવા–પૂજામાં જ ગાળતા. ગામના લોકો તેમને આદરની નજરથી જોતા. લોકો તેમને વચન–સિદ્ધ વૈષ્ણવ કહેતા.

તેમની બાજુમાં એક નગરશેઠ રહેતા. નગરશેઠનો એકનો એક પુત્ર એક દિવસ લાંબી માંદગી બાદ મૃત્યુ પામ્યો. નગરશેઠ અને શેઠાણી છાતીફાટ રૂદન કરવા લાગ્યાં. તેમના આ કરુણ રૂદનથી એવું લાગતું કે પત્થર પણ પીગળી જાય. બાજુમાં રહેતા આ વૈષ્ણવે આ નગરશેઠના કલ્પાંત રૂદનથી તે ભક્તનું હૃદય દ્રવી ગયું. તેઓ વિચારવા લાગ્યા અને પ્રભુને કહેવા લાગ્યા "આ સંસારી લોકોનાં દુઃખ તો જુઓ! તેઓ કેટલા બધા દુઃખી છે! હે પ્રભુ, તેમનું દુઃખ કેવી રીતે દૂર કરી શકાય?"

પરદુઃખનો વિચાર કરતાં ભક્તનું દ્રવેલું હૃદય આ કરુણ કલ્પાંત સહન ન કરી શક્યું. તેમણે પ્રભુને વિનવ્યા અને એક કાગળ પર લખી દીધું, "દયાલો દિનાનાથસ્ય દુઃખાયૈવ દયાલુતા." પછી તેમણે તે પત્ર ઠાકુરજીના ચરણમાં મૂકી દીધો.

પત્ર વાંચી ઠાકુર તો ખડખડાટ હસી પડયા. ભગવાનને તો નિજભક્તો ખૂબ વહાલા છે. આથી ભક્તોને સાચી સમજ આપવા



તે સદા તત્પર રહે છે. તેથી ભગવાને ભક્તને કહ્યું, "તારી વાત સાચી છે. નગરશેઠનો પુત્ર સાજો થશે." આ સાંભળી નગર-શેઠનો પુત્ર સજીવન થશે એમ વિચારતાં નગરશેઠને ત્યાં ગયા અને કહ્યું, "તમે રડશો નહિ, તમારો પુત્ર સજીવન થશે."

વૈષ્ણવે આમ કહ્યું ને તરત જ નગરશેઠનો પુત્ર સજીવન! ભક્તના ચમત્કારની વાત સર્વત્ર ફેલાઇ ગઇ. દૂર–દૂરથી દુઃખીયાં વૈષ્ણવ પાસે આવવા લાગ્યાં અને રડવા લાગ્યાં પોતાનાં દુઃખીયા ભક્ત માટે તો હવે શ્રીઠાકુરજીની ભક્તિ કરવાનું મુશ્કેલ બની ગયું. ભગવાનની સેવા કરવા સમય જ ક્યાં હતો? ભક્ત અને ભગવાન વચ્ચે અંતર વધવા લાગ્યું. ભક્ત સમજી ગયા. ભગવાને મારી શાન ઠેકાણે લાવવા મને આવી અનુપમ શક્તિ આપી છે.

તેમણે વિચાર્યું, "ભગવાને મને સિદ્ધિ આપી, લોકોએ મને પ્રસિદ્ધિ આપી. આમ સિદ્ધિ અને પ્રસિદ્ધિ મળી, પણ મેં ભક્તિ ગુમાવી છે. ઉઠ જીવ, સાવધાન થઇ જા! ભક્તિના બદલામાં મેળવેલી સિદ્ધિ ઘણી મોંઘી પડે. મારું કામ સિદ્ધિ અને પ્રસિદ્ધિ મેળવવાનું નહિ, મારા ઠાકુરજીની ભક્તિ કરવાનું છે."

આવું વિચારી એક દિવસ રાત્રે સૌને સૂતા મૂકી વૈષ્ણવ ચાલી નીકળ્યા. સિદ્ધિ અને પ્રસિદ્ધિનો ત્યાગ કરી, ભક્તિ ફરીથી મેળવવા!

# ગુજરાતનું ઔદ્યોગિક વિરાટદર્શન

ગુજરાતમાં ઔદ્યોગિકરણનાં પગલે પગલે ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધીમાં આશરે રૂા. ૬૮,૧૧૪ કરોડનાં રોકાણ સાથે ૧,૮૯૯ જેટલા પ્રોજેક્ટો આકાર લઇ રહ્યા છે. આમાં કુલ રૂા. ૨,૧૯૦ કરોડનાં રોકાણવાળા ૧૧૯૩ જેટલા પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે જેમાં પ્રત્યેક પ્રોજેક્ટ રૂા. પાંચ કરોડથી ઓછા રોકાણવાળો છે જ્યારે પાંચથી ૧૦૦ કરોડ સુધીનાં રોકાણવાળા આશરે ૬૧૮ જેટલા પ્રોજેક્ટોમાં કુલ સરેરાશ રોકાણ રૂા. ૧૨,૮૦૬ કરોડનું છે. અને ૮૮ પ્રોજેક્ટો રૂા. ૧૦૦ કરોડથી વધુ રોકાણવાળા પ્રોજેક્ટો છે, જેનું કુલ રોકાણ રૂા. ૫૩,૧૧૯ કરોડ થવા જાય છે.

## જિલ્લાવાર વિશ્લેષણ

રૂા. ૫૩,૧૧૯ કરોડનાં રોકાણવાળા ૮૮ જેટલા પ્રોજેક્ટોનું જિલ્લાવાર વિશ્લેષણ કરીએ તો અમદાવાદ જિલ્લામાં ત્રણ પ્રોજેક્ટમાં રૂા. ૫૬૫ કરોડનું ધિરાણ, વડોદરામાં ૧૬ પ્રોજેક્ટોમાં રૂા. ૫,૧૭૫ કરોડ, ભરુચ ૨૩ પ્રોજેક્ટોમાં રૂા. ૧૧,૦૭૧ કરોડ, સૂરતમાં ૨૩ પ્રોજેક્ટોમાં રૂા. ૧૫,૦૧૧ કરોડ, ગાંધીનગર એક પ્રોજેક્ટમાં રૂા. ૧૦૦ કરોડ, મહેસાણા એક પ્રોજેક્ટમાં રૂા. ૧૨૩ કરોડ, સાબરકાંઠા એક પ્રોજેક્ટ રૂા. ૨૭૫ કરોડ, અમરેલી બે પ્રોજેક્ટ રૂા. ૫૦૬ કરોડ, ભાવનગર એક પ્રોજેક્ટ રૂા. ૪૫૦ કરોડ, ભાવનગર ૧૪ પ્રોજેક્ટ રૂા. ૧૭,૨૩૮ કરોડ, જામનગર એક પ્રોજેક્ટ રૂા. ૫૭૩ કરોડ અને કચ્છ જિલ્લામાં બે પ્રોજેક્ટમાં રૂા. ૨,૦૩૨ કરોડનું ધિરાણ થઇ રહ્યું છે.

## ઔદ્યોગિક પ્રકાર મુજબ વિશ્લેષણ

આ પ્રોજેક્ટોનું ઉદ્યોગના પ્રકાર પ્રમાણે વિશ્લેષણ કરીએ તો કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં ૫૭ પ્રોજેક્ટો સ્થપાઇ રહ્યાં છે અને તેમાં રૂા. ૨૬,૦૪૦ કરોડનું ધિરાણ સાકાર લઇ રહ્યું છે તે જ પ્રમાણે ચાર રીફાઇનરીમાં રૂા. ૧૧,૮૮૪ કરોડ, ફાર્માસ્યુટીકલ્સના ત્રણ એકમોમાં રૂા. ૬૦૦ કરોડ, ઇજનેરી ઉદ્યોગમાં પાંચ પ્રોજેક્ટમાં રૂા. ૪,૬૩૪ કરોડ, ઇલેક્ટ્રોનિક્સના બે પ્રોજેક્ટમાં રૂા. ૪૯૦ કરોડ, ટેક્ષટાઇલ્સના ત્રણ પ્રોજેક્ટમાં રૂા. ૫૦૭ કરોડ, પ્લાસ્ટિકનાં બે પ્રોજેક્ટમાં રૂા. ૭૩૦ કરોડ, પેપરનાં પ્રોજેક્ટમાં રૂા. ૯૭૦ કરોડ, ખાણ ઉદ્યોગમાં સાત પ્રોજેક્ટોમાં રૂા. ૪,૭૬૪ કરોડ, ખાદ્ય ઉદ્યોગમાં એક પ્રોજેક્ટમાં રૂા. ૧૦૦ કરોડ, અને બે પાવર પ્રોજેક્ટમાં રૂા. ૨૪૦૦ કરોડ સહીત કુલ ૮૮ પ્રોજેક્ટમાં રૂા. ૫૩,૧૧૯ કરોડનું ધિરાણ થઇ રહ્યું છે. આમ જામનગર, સુરત અને ભરુચ જિલ્લામાં અનુક્રમે રૂા. ૧૭,૦૦૦ કરોડ, રૂા. ૧૫૦૦૦ કરોડ અને રૂા. ૧૧૦૦૦ કરોડનું ધિરાણ થઇ રહ્યું છે.

ભારત સરકારે જુલાઇ ૧૯૯૧ માં જાહેર કરેલી નવી ઔદ્યોગિક નીતિ અનુસાર ઔદ્યોગિક પરવાના પદ્ધતિને સરળ બનાવીને ઔદ્યોગિક લાઇસન્સ મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તદઅનુસાર ફક્ત ૧૫ જેટલાં ઉદ્યોગોએ જ પરવાના લેવાના રહે છે જ્યારે અન્ય ઉદ્યોગોને કેટલીક શરતોને આધિન ઉક્ત મુક્તિ આપવામાં આવી રહી છે. કેન્દ્રસરકારે ૧૦૦ ટકા નિકાસ આધારીત ઔદ્યોગિક એકમોને કેટલીક શરતોને આધિન આપોઆપ પરવાના મુક્તિ મળી જાય એવી પદ્ધતિ પણ અપનાવી છે, જેના કારણે સમગ્ર દેશમાં ઉદ્યોગો સ્થાપવા માટેની અરજીઓ સારા પ્રમાણમાં મળવા લાગી છે. ગુજરાતને પણ આ યોજના હેઠળ સપ્ટેમ્બર, ૧૯૯૪ સુધીમાં ૨,૨૨૨ જેટલા ઇન્ડસ્ટ્રીઅલ એન્ટ્રેપ્રીનયર્સ મેમોરેન્ડમ પ્રાપ્ત થયા જે સમગ્ર દેશમાં પ્રાપ્ત થએલા આઇ.ઇ.એમ.નાં ૧૪ ટકા થવા જાય છે. તે જ પ્રમાણે રાજ્યને ૧૯૯૧ માં ૧૧૫ ઇરાદાપત્ર (લેટર ઓફ ઇન્ટેન્ટ), ૧૯૯૨માં ૧૨૧, ૧૯૯૩ માં ૮૧ અને ૧૯૯૪ ના ઓગષ્ટ સુધી ૫૭ ઇરાદાપત્ર પ્રાપ્ત થયા છે. રાજ્યને ૧૦૦ ટકા નિકાસ ઓરિએન્ટેડ યુનિટની પરમીશન મળી હોય તેવા ૧૩૨ પ્રોજેક્ટ પ્રાપ્ત થયા છે.

# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

હનુમાને સુગ્રીવની આજ્ઞા માથે ચઢાવી. એમણે કહ્યું : 'રામ, લક્ષ્મણ તથા સીતાને માટે મારા પ્રાણની આહુતિ આપતાં યે નહિ અચકાઉં. રામની સેવા માટે સર્વ પ્રકારના સુખનો ત્યાગ કરીને હું મન મૂકીને મહેનત કરીશ.'

હનુમાનની વાણીથી રામ પ્રસન્ન થયા. એમણે હનુમાનને એમના ભક્તિભાવને માટે અભિનંદન આપતા કહ્યું : 'તમારો મારે માટેનો પ્રેમ અને ભક્તિભાવ જોતાં સીતાની શોધમાં તમે જરૂર સફળ થશો એવું મારો અંતરાત્મા કહી રહ્યો છે. તમે જરૂર યશસ્વી બનશો. આ પ્રદેશમાં સૌથી પહેલાં આપણો પરિચય થયો અને આપણી વચ્ચે પ્રેમ જાગ્યો એ સહેતુક લાગે છે. સીતાના સર્વપ્રથમ સમાચાર પહોંચાડવામાં પણ તમે જ નિમિત્ત બનશો એવું લાગે છે.'

હનુમાને થોડોક વિચાર કરીને જણાવ્યું : 'તમારા શુભાશીર્વાદથી મને બળ મળશે, ઉત્સાહ સાંપડશે, અને હું મારા કામમાં સફળ થઈશ. તમારો આશીર્વાદ નકામો નહિ જાય. પરંતુ મારી એક માગણી છે. સીતાની મને માહિતી મળે અને સીતાને મળવાનો શુભાવસર સાંપડે ત્યારે મારી ઓળખાણથી સીતાનો કદાચ સંતોષ ના પણ વળે. હું તમારો ભક્ત, પ્રેમી અને પ્રતિનિધિ છું એની મારે પ્રતીતિ કરાવવી જોઈએ. એને માટે કોઈક નિશાની આપો તો મને સંતોષ થશે. એ નિશાની સીતાને બતાવીશ અને એના પરિણામે મારામાં વિશ્વાસ પેદા કરાવી શકીશ.'



'હનુમાનના શબ્દો સાથે હું સંમત થાઉં છું.' લક્ષ્મણથી બોલ્યા વિના ના રહી શકાયું : 'એ શબ્દો સૂચવે છે કે હનુમાનજી કેવળ બળવાન છે એટલું જ નહિ, કેવળ બુદ્ધિમાન છે એટલું પણ નહિ, પરંતુ સૂક્ષ્મ બુદ્ધિથી સંપન્ન છે. એ સિવાય બીજા કોઈ સામાન્ય માનવને આવો વિચાર આવે જ નહિ.'

રામે હનુમાનને પોતાની પાસે બોલાવીને થોડીક જરૂરી સૂચના આપી, અને પછી પોતાની આંગળીએથી મુદ્રિકા કાઢતાં કહ્યું : 'સીતા આ મુદ્રિકાને જોશે એટલે બધું જ સમજી જશે. એનો વિશ્વાસ દૃઢ બનશે, ને એના મનમાં કોઈ યે પ્રકારની શંકા નહિ રહે. આ મુદ્રિકા એને અર્પણ કરજો ને કહેજો કે તમારા વિના રામ ખૂબ જ દુઃખી છે. એ તમને પળેપળે યાદ કરે છે. તમને બંધનમુક્ત કરવા એ પોતાનાથી બનતું બધું જ કરી છૂટશે. રાવણનો નાશ કરીને એ તમને વહેલી તકે પાછી મેળવશે. રામનું મન તમારામાં જ રમ્યા કરે છે ને તમારે માટેની જ યોજના ઘડયા કરે છે. એમની દશા ફોરમ વિનાના ફૂલ જેવી, મધુતા વિનાના મધ જેવી અથવા જ્યોતિ વિનાના દીપક જેવી છે.'

રામે આપેલી મુદ્રિકાને હનુમાને સંભાળપૂર્વક સાચવી રાખી ને કહ્યું : 'હવે મારા મસ્તક પર હાથ મૂકીને મને આશીર્વાદ આપો કે હું આ પવિત્ર કાર્યમાં સફળ થાઉં.'

'મારો આશીર્વાદ તો છે જ.'

'ના, એમ નહિ. મારા મસ્તક પર હાથ મૂકો, એટલે મને શાંતિ વળે, મારો ઉત્સાહ વધે, ને મારી શંકા ટળે, તથા મને બળ

મળે. મારી એટલી ઈચ્છા છે. કેટલાય દિવસોની ઈચ્છાને આજે વ્યક્ત કરી રહ્યો છું.'

હનુમાને રામને પ્રણામ કર્યા એટલે રામે હનુમાનના મસ્તક પર હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

હનુમાનની આંખમાંથી આનંદનાં આંસુ ટપકી પડયાં.

રામનું હૃદય ભરાઇ આવ્યું.

એ જ પ્રમાણે હનુમાને લક્ષ્મણ તથા સુગ્રીવને પણ પ્રણામ કર્યાં.

એમણે પણ આશીર્વાદ આપ્યા : 'તમને તમારા કામમાં ફત્તેહ મળો !'

'તમારો માર્ગ મંગલમય બનો! તમને કદી ના કરમાનારો, સનાતન યશ મળો !'

લક્ષ્મણની આંખ પણ ભીની થઇ.

રામે હનુમાનને આપેલી મણિજડિત મુદ્રિકાને નિહાળીને એને અયોધ્યાનું સ્મરણ થયું.

ઊર્મિલાની શાંત છતાં કરુણ અને મધુર છતાં મંથનમયી મુખાકૃતિ એની આંખ આગળ આવીને ઊભી રહી.

વીતેલી ઘટનાની એને સ્મૃતિ થઇ.

એ દિવસ અયોધ્યામાંથી રામ અને સીતા સાથે વનમાં નીકળવાનો હતો.

પોતે ઊર્મિલાને બધી પરિસ્થિતિ કહી બતાવી અને એની પાસેથી વનમાં જવાની અનુમતિ મેળવી, એટલે ઊર્મિલાએ કહ્યું : 'વનમાં જતી વખતે મારી આ મુદ્રિકા તમને અર્પણ કરું છું. આ



મુદ્રિકા મને મારા પિતાજીએ બીજા અનેક મૂલ્યવાન પદાર્થો સાથે ભેટ આપેલી. એ ખૂબ જ શુકનવંતી છે. મારી સ્મૃતિમાં એ તમારી પાસે રાખી મૂકજો. વનના વિકટ વાતાવરણમાં એ તમારી રક્ષા કરશે ને તમને સહીસલામત પાછા લાવશે. પાછા આવો ત્યારે મને એ સુપ્રત કરજો.'

'પરંતુ મારી પાસે તો મારા હૃદયમાં તારા વિશુદ્ધ સ્નેહની બીજી કેટલીય સ્મૃતિઓ છે. એ મારી રક્ષા કરવા અને મને સુખ શાંતિ પહોંચાડવા પૂરતી છે.' પોતે કહ્યું : 'એ તો બધી સૂક્ષ્મ સ્મૃતિ પણ ભલે રહી. વનમાં રામ અને સીતાના સેવાકાર્યમાં વ્યસ્ત હશો અને બીજું બધું જ ભૂલી જશો ત્યારે એના પર દૃષ્ટિ પડવાથી મને યાદ કરી શકશો.'

'તારી યાદ તો સદા તાજી જ રહેશે, ઊર્મિલા! તને ગમે તેવા કાર્યમાં પડીને પણ નહિ ભૂલી શકું.'

'એની તો મને ખાતરી છે. છતાં પણ મારી આટલી ઇચ્છા છે. તમે તેને પૂરી કરો.'

એટલું કહીને ઊર્મિલાએ એની આંગળીએથી કાઢેલી મણિજડિત મુદ્રિકા લક્ષ્મણની આંગળીએ પહેરાવી દીધી.

લક્ષ્મણે પોતે પણ એ વખતે કોણ જાણે કેમ પણ પોતાના હાથની મુદ્રિકા કાઢીને ઊર્મિલાની કોમળ કરાંગુલિએ પહેરાવતાં કહ્યું : 'તેં મને મુદ્રિકા અર્પણ કરી તો મારી મુદ્રિકા તને પણ અર્પણ કરું છું. એ તારી પાસે ભલે રહી. અયોધ્યામાં પાછો આવું ત્યારે એ પાછી આપજે. ઊર્મિલા એ મુદ્રિકા જોઇને બોલી : 'કદીક એવું બને કે વનનું વાતાવરણ તમને ખૂબ જ ગમી જાય અને અયોધ્યામાં પાછા ફરવાનું મનજ ના થાય ત્યારે કોઇની

સાથે આ મુદ્રિકા મોકલું તો તેના પરથી મારો પ્રેમભાવ યાદ કરીને વહેલી તકે પાછા આવી જજો.'

લક્ષ્મણ સ્મિત કરીને બોલ્યા : 'તું પણ ખરી છે. તારી કલ્પનાની પાંખ પર ચઢીને ક્યાની ક્યાં ઉડયા કરે છે. હું અયોધ્યામાં પાછો ન આવું એવું બને ખરું? વનનું વાતાવરણ ગમે તેટલું સુખકારક હશે તો પણ તારા સહવાસ જેવું સુખકારક તો નહિ જ હોય. વનમાં ગમે તેટલી શાંતિ અને અને ગમે તેટલો આનંદ હશે તો પણ તું મને યાદ આવ્યા જ કરશે. તને મળવા માટે મારું મન હંમેશાં આતુર રહેશે. પરંતુ હા, કદીક કોઇને એવી પરિસ્થિતિ પેદા થાય કે મારે તને કોઇક મહત્ત્વનો સંદેશો મોકલવો પડે તો એ સંદેશો મોકલનાર હું જ છું એની ખાતરી તને એ વ્યક્તિ સાથે આ મુદ્રિકા પાછી મોકલીશ એટલે થઇ રહેશે. એના પરથી તને વિશ્વાસ બેસશે. બનતાં સુધી એવી પરિસ્થિતિ પેદા જ નહિ થાય, તો પણ કાલની કોને ખબર છે? વનમાં જવાની ખબર જ કોઇને પહેલાં ક્યાં હતી?'

ઊર્મિલા બોલી : 'એવી પરિસ્થિતિ પેદા ન થાય છતાં પેદા થાય તો કોઇની સાથે આ મુદ્રિકા મોકલીને જરૂરી સંદેશો મોકલજો. મુદ્રિકાને જોઇને હું સમજી જઇશ. અને એવી જ રીતે મારી મોકલેલી આ તમારી મુદ્રિકાને જોઇને તમે સમજી જજો.'

એ આખાય હૃદયદ્રાવક પ્રસંગથી લક્ષ્મણનાં નેત્રો ભરાઇ આવ્યાં.

એની સ્મૃતિએ એના હૈયાને હલાવી દીધું.

(ક્રમશઃ)



# સત્સંગ મેળો સફળ રહ્યો

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો રાજકોટ ખાતેના સત્સંગ મેળાનો કાર્યક્રમ ખૂબ સરસ રીતે ઉજવાયો. એનું આયોજન અને એ પાછળનો ખર્ચ શ્રી જે. કે. પરિવારે કર્યો. કહીએ કે વર્ષો પછી આવો સરસ કાર્યક્રમ પહેલી વાર જોવા મળ્યો. સરસ સુશોભન અને આયોજન, સરસ વ્યવસ્થા તેમ જ સાધકોના અનેરા ઉત્સાહે કાર્યક્રમને નવો જ ઓપ આપ્યો. સવાણી હૉલની ભવ્ય સજાવટ શ્રી કાન્તિભાઇ પટેલ, શ્રી રાજુભાઇ જાની, શ્રી વિજય કલોલા અને બીજા અનેકોએ સાથે મળી કરી.

પ. પૂ. શ્રી શ્રી મા નાદુરસ્ત તબીયત છતાં સમગ્ર ચાર કલાકના કાર્યક્રમમાં એકધારા હાજર રહ્યાં. તેમ જ રાતના ૬ થી ૮.૩૦ ના કાર્યક્રમમાં પણ શરૂથી જ હાજરી આપી. સાધકોના વક્તવ્યો ઉપરાંત પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા પ્રકાશના પંથેના દક્ષિણેશ્વરની મુલાકાતના પ્રકરણોનું નાટય રૂપાંતર ખૂબ સારી રીતે ભજવાયું. તેમાં બેન ઉર્વશી ગોહિલનો પૂ. યોગેશ્વરજીની ભૂમિકાનો અભિનય એટલો બધો જીવંત રહ્યો કે સહુ પ્રેક્ષકો એના અભિનય સાથે એકરૂપતા અનુભવી રહ્યા. પરિણામે શ્રી કાન્તિભાઇ પટેલે એક ખાસ પુરસ્કાર આપી એના જીવંત અભિનયને બિરદાવ્યો.

તા. ૨૬-૧૧ ના રોજનો રાત્રિ સમયનો ભજન-ધૂનનો કાર્યક્રમ પણ અપેક્ષા કરતાં ઘણો સરસ સફળતાને વર્યો. બહારના

સાધકો ઉપરાંત, રાજકોટ સ્થાનિકના ભાઈબહેનોએ પણ તેમાં મોટી સંખ્યામાં ઉત્સાહથી ભાગ લીધો.

આ ભજન–ધૂનના કાર્યક્રમોની રજુઆત શ્રીમતી સુશીલાબેન ભક્ત, શ્રી પૂર્ણિમાબેન, શ્રી દમયંતીબેન તેમ જ બીજાં અનેક સાધક બહેનોએ સાથ પૂરાવી, વાતાવરણને સરસ સાત્ત્વિક ભાવથી ભરી દીધું. શ્રી શ્યામભાઈએ તબલાંથી તેમાં સાથ પૂરાવ્યો. સવાણી હોલના પ્રાંગણમાં પૂ. મા તેમ જ પૂ. યોગેશ્વરજી માટેની સાદી છતાં સુંદર બેઠક શ્રી કાન્તિભાઈ પટેલે સજાવી દઈ, સારા આયોજન શક્તિનો પરિચય આપ્યો.

શ્રી જે. કે. પરિવારે પોતાના રહેઠાણના સ્થળે જ આરસ પત્થરનું એક નાનું છતાં સુંદર મંદિર ભાવપૂર્વક બનાવ્યું. તેમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીનાં સ્વરૂપોને પધરાવી પ્રાણપ્રતિષ્ઠા પણ કરાવી. સાથે સાથે આ પ્રસંગે હોમાત્મક નવચંડી પણ થઈ. તેમાં સમગ્ર જે. કે. પરિવારના સભ્યો, તેમ જ કેનેડાના શ્રી અંબુભાઈ લાડ અને શ્રીમતી હંસાબેન તથા શ્રી પ્રભુભાઈ પ્રજાપતિ અને તેમનાં ધર્મપત્ની રૂક્ષ્મણિબેનને પણ પૂજામાં ભાગ લેવાનું સૌભાગ્ય સાંપડયું.

આ ભાવપ્રધાન પૂજનવિધિ મા–પ્રભુના પ્રેમીભક્ત શ્રી વિજયભાઈ પુરોહિત (પંડિતજી) અને બીજા બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવી.

આ ભવ્ય સત્સંગ સમારોહનું વિગતે વર્ણન પ. પૂ. મા શ્રી શ્રી સર્વેશ્વરીના આશીર્વચનો સાથેનું, ભાઈ શ્રી કલ્યાણની ભાવવાહી કલમે લખાયેલું **જાન્યુ. ૯૫ ના અંકમાં રજુ કરીશું.** અહીં તો માત્ર તેની ઉડતી ઝલકો જ આપવામાં આવી છે, જેની



વાંચકોને નોંધ લેવા વિનંતી છે.

તા. ૨૭/૧૧/૯૪ ના મુખ્ય કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઈ ભોજાણીએ કર્યું હતું. આ પ્રસંગે પ. પૂ. શ્રી યોગેશ્વરજીના કેટલાંક પુસ્તકો અને કેસેટોનું વેચાણ કરવામાં આવ્યું હતું.

પૂ. યોગેશ્વરજીએ લખેલ ૮૫ જેટલા ગ્રંથોના પ્રદર્શનનો એક ખાસ વિભાગ ગોઠવવામાં આવ્યો હતો.

કેસેટોના રાહતના વેચાણ માટેનો પ્રારંભ રાજકોટના વયોવૃદ્ધ સાધક શ્રી નરહરપ્રસાદ જોષીપુરાના હાથે કરવામાં આવ્યો હતો.

સાધકોને ત્રણ દિવસો માટે ઉતરવાની અને ભોજનની બધી વ્યવસ્થા સવાણી હોલ ખાતે અને બીજે શ્રી જે. કે. પરિવાર તરફથી કરવામાં આવી હતી. તેઓના આ કાર્યમાં સાથ પુરનાર ગૃહસ્થો હતા શ્રી જયંતિભાઈ વલસાડવાળા, શ્રી ગિરધરભાઈ (એડીકો) શ્રી પટેલ સમાજ તેમ જ શ્રી શાન્તિભાઈ કનેરિયાના સુપુત્ર શ્રી વિજયભાઈ, પુત્રી અને જમાઈ. આ ઉપરાંત શ્રી જે. કે.ના સંબંધીઓ અને સ્નેહીઓએ પણ ખૂબ ભાવપૂર્વક ભોજન વ્યવસ્થામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

## * ચૂંટેલા પુષ્પો *

* સાંભળવાનું દિલ થાય તો ધર્મકથા જ સાંભળજો.
* વાંચવાનું દિલ થાય તો ધર્મના જ પુસ્તકો વાંચજો.
* વ્યસન રાખો તો દાનનું જ રાખજો.
* દૂર ભાગો તો દુર્જનથી દૂર ભાગજો.
* તરતા શીખો તો સંસાર સમુદ્ર તરતા શીખો.
* વધવું હોય તો ધર્મમાં જ વધજો.

# સન્માનાયા

રાજકોટના સવાણી હોલમાં તા. ૨૭/૧૧/૯૪ ના રોજ પ. પૂ. માની ઉપસ્થિતિમાં ચાર વ્યક્તિઓનું જાહેર સન્માન શાલો ઓઢાડી કરવામાં આવ્યું. શ્રી નારાયણ-ભાઇ જાનીને તેઓના પંચોતેરમા વર્ષના પ્રવેશ નિમિત્તે, તો શ્રી બાલુભાઇ પટેલ અને વિમળાબેન પટેલને તેઓની અંબાજી ખાતેના સ્વર્ગારોહણ વિશ્રામગૃહ ખાતેની અવેતન સેવાઓ બદલ, તેમ જ શ્રી શાન્તિ-ભાઇ કનેરિયાને તેઓની પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીની ભાવપૂર્ણ સેવાઓ બદલ.

આ સન્માન પૂર્વે દરેક વ્યક્તિઓનો પરિચય આપવામાં આવ્યો. શ્રી નારાયણભાઇ જાનીનો શ્રી કલ્યાણે, શ્રી બાલુભાઇ અને તેમનાં ધર્મપત્ની વિમળા-બેનનો શ્રી નારાયણભાઇ જાનીએ અને શ્રી કાન્તિભાઇ કનેરિયાનો શ્રી હરિભાઇ ભોજાણીએ વિગતે પરિચય આપ્યો.

સન્માયેલ વ્યક્તિઓએ આવા જાહેર સન્માન બદલ પૂ. માનો આભાર માની, પૂ. માને અભિવાદન કર્યું.

# * ધ્યાન ધરવાની પદ્ધતિ *

'આત્માનું સતત ધ્યાન ધરનારા યોગીએ સદા એકાંત-માં વાસ કરવો; એકલા રહેવું, મનને વશ રાખવું ને બીજી ઈચ્છાતૃષ્ણાનો ત્યાગ કરવો. પવિત્ર સ્થાનમાં આસન જમાવીને બેસવું, ને આત્મશુદ્ધિ કરવા તથા આત્માને ઓળખવા માટે યોગની સાધના કરવી. શરીર, ડોક ને મસ્તક સરખાં રાખવાં ને નાકની અણી તરફ જોવું. શાંતિ રાખવી, બ્રહ્મચર્ય પાળવું, ને સર્વ પ્રકારના ભયનો ત્યાગ કરવો. મનને મારામાં એકાગ્ર કરવાનો તે રીતે નિરંતર પ્રયાસ કરવો. આ પ્રમાણે સંયમપૂર્ણ મનવાળો યોગી પ્રયત્ન કરતાં કરતાં મારી અંદર રહેલી નિર્વાણરૂપ પરમશાંતિને પ્રાપ્ત કરે છે.' 'સર્વ પ્રકારની લૌકિક કામનાઓનો ત્યાગ કરી, ઈંદ્રિયોના સમૂહને મનથી કાબૂમાં રાખી, ધીરજ-પૂર્વકની બુદ્ધિથી ધીમે ધીમે શરીરથી ઉપરામ થવાનો પ્રયાસ કરવો. મનને આત્મામાં સ્થાપી દેવું ને કંઇ જ વિચારવું નહિ. ચંચલ મન જ્યાં પણ જાય ત્યાંથી તેને સંયમ કરી પાછું વાળવું ને આત્મામાં જ જોડી દેવું. આવી રીતે છેવટે મન શાંત થઇ જશે : મીઠાના ગળી ગયેલા ગાંગડા-ની જેમ આત્મામાં મળી જશે. તે વખતે યોગીને પરમ સુખની પ્રાપ્તિ થશે. તે સુખ રજોગુણ વિનાનું ને તદ્દન નિર્મળ હશે. આ પ્રમાણે ધ્યાન દ્વારા પ્રયાસ કરનાર યોગી નિષ્પાપ બનશે, ને બ્રહ્મ કે પરમાત્મતત્ત્વના દર્શન—સમા-ગમનું અત્યંત સુખ અનુભવશે. એવો યોગી બધે જ સમદર્શી થઇ જશે : તે પરમાત્માને સારાય સંસારમાં ને સંસારને પરમાત્મામાં જોશે.'

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ઈશ્વરદર્શનનું ફળ *

ઈશ્વરનું દર્શન થતાં માણસને પૂર્ણ શાંતિ ને આનંદની પ્રાપ્તિ થઈ જાય છે. તેનાં શોકમોહ ને બંધનનો અંત આવે છે. તે સાધારણ ને અલ્પ મટી મહાન ને વિરાટ તથા પૂર્ણ બને છે. જગત તેને માટે નંદનવન થઈ જાય છે, ને બધા જ પાણીના પ્રવાહ ગંગારૂપ બની જાય છે. તેની વાણી વેદ-વચનનો મહિમા ધારણ કરે છે, ને આખી પૃથ્વી તેને માટે કાશી થાય છે. એવા પુરુષના મહિમા વિશે શું કહેવું? તે ધારે તે કરી શકે છે : સર્વશક્તિમાન ને સર્વજ્ઞ થઈ જાય છે એમાં કાંઈ આશ્ચર્ય નથી. ઈશ્વરની કૃપાનું તે ફળ છે. જેના પર ઈશ્વર કૃપા કરી દે છે તેને આ સંસારમાં કાંઈ જ કમી રહેતી નથી. તે આ સંસારમાં ધનીમાં ધની, સુખીમાં સુખી ને સંપત્તિવાળો બની જાય છે. તેના જેવો બડભાગી ને બહાદુર બીજો કોઈ જ નથી. માનવશરીર ધારણ કરીને તેણે કરવાનું કામ કરી લીધું : બંધનમાંથી મુક્તિ મેળવી ને સંસાર તથા જીવનનું રહસ્ય પણ શોધી લીધું! આવા પુરુષને અનેકાનેક ધન્યવાદ છે! લોભ, સ્વાર્થ, સત્તાના મદ ને મોહમાં રમનારા ને બેહાલ બની મરી જનારા માણસો—જેમને મન આ ઈન્દ્રિયવિષયક જગત જ સર્વસ્વ છે, ને જેમની આંખ ઘુવડની પેઠે શરીર, મન ને ઈન્દ્રિયોની પારના પ્રકાશને જોઈ શકતી નથી, તે આવા ધન્ય ને ઈશ્વરદર્શી પુરુષોના ગૌરવ ને જીવનસાફલ્યને નહિ સમજી શકે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧